પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૩૦૪, કુલ પાના:૪, તારીખ: ૧૯-૦૮-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 304 PRICE :-RS. 1.50 DATE : 19-08-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### રાજયમાં રેત ખનનની ગેરકાયદેસર પ્રવૃતિઓ અટકાવવા

## વ્હીકલ ટ્રેકિંગ મોનીટરીંગ સિસ્ટમનાં પાયલોટ પ્રોજેક્ટનો ગાંધીનગરથી પ્રારંભ

ગાંધીનગર,

રાજયમાં ગેરકાયદેસર રેત ખનનની પ્રવૃતિઓ પર અંકુશ મેળવવા માટે ખાણ ખનીજ વિભાગ દ્વારા દેશની સૌ પ્રથમ અત્યાધુનિક વ્હીકલ ટ્રેકિંગ મોનીટરીંગ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. જેનાં થકી રેત- માઈનિંગ ખનનની પળેપળની માહિતી રાખવાનાં પાયલોટ પ્રોજેક્ટનો અમદાવાદ બાદ રાજયના પાટનગર ગાંધીનગરથી પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનાં માટે જિલ્લાના ૧૩૯ જેટલાં લીઝ ધારકોનાં રજીસ્ટર વાહનોમાં GPS સિસ્ટમ ફીટ કરીને દરેક ગતિવિધિ ઉપર બાઝ નજર રાખવામાં આવનાર છે. હાલમાં ૧૫ જેટલા વાહનોમાં આ સિસ્ટમ ફીટ કરી ટ્રાયલ રન પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.રાજયમાં ચાલતી ગેરકાયદેસર રેતી



ચોરીની પ્રવૃતિઓ પર અંકુશ મેળવવા માટે રાજ્ય ખાણ ખનીજ વિભાગ દ્વારા મહત્વની અત્યાધુનિક ટેકનોલોજી વિકસાવવામાં આવી છે ખાણ ખનીજ વિભાગ દ્વારા વ્હીકલ ટ્રેકિંગ મોનીટરીંગ સિસ્ટમ નામની (VTMS)અત્યાધુનિક સિસ્ટમ વિકસિત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૮થી ગુજરાતમાં ખનીજ બ્લોક્સની હરાજી ઈ- ઓક્શનથી કરવામાં આવી રહી છે.આ પ્રક્રિયા પૂર્ણ થયા પછી તમામ પ્રાઈમરી અને સેકન્ડરી લીઝ હોલ્ડરોને ILMS પોર્ટલમાં જોડી દેવામાં આવ્યા છે. જેમાં માઈનિંગ લીઝ, ક્વોરી લીઝ, સ્ટોક ધારક, ઉદ્યોગ નિર્માણ સાથે સંકળાયેલ લોકો, ખનન કરતા વાહનો અને ઉપકરણો તેમજ વે બ્રીજ ધારક સહિતનાને આ પોર્ટલ સાથે જોડી દેવામાં આવ્યા છે.આ સિસ્ટમ થકી રાજયમાં રજીસ્ટર લીઝ ધારકો દ્વારા ક્યાં વિસ્તારમાં કેટલા પ્રમાણમાં અને કેટલા વજનનાં ખનીજ નું વહન કરવામાં આવે છે. તેની નાનામાં નાની માહિતી કચેરીનાં કંટ્રોલ રૂમમાં બેઠા બેઠા જ ખબર પડી જશે. જો કોઈપણ લીઝ ધારક ધ્વારા પરવાના સિવાય કે નિયત વજન કરતાં વધુ માત્રામાં રેત ખન ન કે વહન કરવામાં આવ્યું હશે તો VTMS ની બાઝ નજરથી બચી શકાશે નહીં.

ખાણ-ખનીજ વિભાગમાં નોંધાયેલા આશરે ૯૦ હજાર વાહનોનું રજીસ્ટ્રેશન અને ટ્રેકિંગ VTMS સિસ્ટમ મારફતે કરવામાં આવશે. જેનાં માટે સિસ્ટમ દ્વારા તમામ વાહનોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાશે. નોંધણી બાદ GPRS થકી તમામ વાહનોનું ટ્રેકિંગ કરાશે. સિસ્ટમથી પેનલ્ટી ચોરી અને ગેરકાયદેસર ખનનને પણ અટકાવી શકાશે.આ અંગે ખાણ ખનિજ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે, આ સિસ્ટમ લગાવવાની ગતિવિધિ આઠેક માસ અગાઉ કરવામાં આવી હતી. પણ તે વખતે સરકાર દ્વારા નોટિફિકેશન જાહેર કરાયું ન હતું. જેનાં માટે લીઝ ધારકોએ પણ VTMS સિસ્ટમનો વિરોધ નોંધાવ્યો હતો. પરંતુ હવેથી રાજયના લીઝ ધારકોનાં વાહનોમાં VTMS સિસ્ટમ ફીટ કરવામાં આવી રહી છે. અમદાવાદ, આણંદ, ખેડા સહિત ગાંધીનગર મળીને આઠ જિલ્લામાં સિસ્ટમનો ટ્રાયલ રન શરૂ કરી દેવામાં આવ્યો છે. હાલમાં તબક્કાવાર VTMS સિસ્ટમ વાહનોમાં ફીટ કરવાની કામગીરી ચાલી રહી છે.આ સિસ્ટમ થકી હવેથી રેત ખનન કરતા વાહનો ક્યાં રૂટ પરથી પસાર થઈ રહ્યા છે અને તેમાં કેટલી માત્રામાં ખનીજ ભરવામાં આવ્યું છે તે સહિતની દરેક ગતિવિધિની પળેપળની વિગતો મળતી રહેવાની છે. જેનાં કારણે રેત ખનનની ગેરકાયદેસર પ્રવૃતિઓ પર અંકુશ આવી જશે. ગાંધીનગર જિલ્લામાં ૧૩૯ લીઝ કાર્યરત છે. જેમના તમામ વાહનોમાં વ્હીકલ મોનીટરીંગ ટ્રેકિંગ સિસ્ટમ ફીટ આગામી દિવસોમાં ફીટ કરી દેવામાં આવશે. હાલમાં ટ્રાયલ બેઝ પર ૧૫ જેટલા વાહનોમાં સિસ્ટમ ફીટ કરી દરેક ગતિવિધિ પર નજર રાખવામાં આવી રહી છે.

આ અંગે ભૂસ્તર શાસ્ત્રી એન.એ. પટેલે જણાવ્યું હતું કે, VTMS પાયલોટ પ્રોજેક્ટ માટે એકાદ વર્ષથી કવાયત ચાલી રહી હતી. પ્રારંભિક તબક્કામાં દરેક જિલ્લાના ૧૫ જેટલા વાહનોમાં સિસ્ટમ લગાવવામાં આવી હતી. જેનું જિલ્લા કચેરી તેમજ સ્ટેટ લેવલનાં કંટ્રોલ રૂમથી સીધું મોનીટરીંગ કરાઈ રહ્યું છે. રાજયમાં આશરે ૮ હજાર વિવિધ પ્રકારની લીઝ આપવામાં આવી છે. જેમાં મુખ્ય ખનીજ લિગ્નાઈટ, લાઈમ સ્ટોન તેમજ બોક્ સાઈટની ૪૩૦ જેટલી લીઝ છે. ઉપરાંત માઈનર મિનરલ ગણાતા રેતી, ડોલો માઈટ, માર્બલ તેમજ ગ્રેનાઈટ સહિતની ખનીજ સાડા સાત હજાર જેટલી લીઝ છે.વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, આ સિસ્ટમ જેસીબી સહિતના ઉપકરણોમાં લગાવવામાં આવી રહ્યાં છે. ત્યારે કંટ્રોલ રૂમ મારફતે અઠવાડિયા દરમિયાન ક્યાં મશીનથી ખનન કેટલી માત્રામાં થયું તેમજ વાહન પણ કયાં કયાં વિસ્તારમાં કેટલી માત્રામાં ખનીજ લઈને નીકળ્યું તેનો દરેક ડેટા ઉપલબ્ધ થશે. ગુજરાત માં ખાણ ખનીજ વિભાગ ધ્વારા દ્વારા જાન્યુઆરી ૨૦૧૦ થી આધુનિક ટેકનોલોજીથી કામગીરી કરવામાં આવી રહી છે. ગુજરાત રાજય VTMS સિસ્ટમ વિકસાવનાર દેશનું પ્રથમ રાજય છે.

## રાજયમાં ૨૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ

ગાંધીનગર,

રાજયમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. રાજયના ૪ તાલુકાઓમાં ૨ થી સવા બે ઈંચ વરસાદ પડ્યો છે. સૌથી વધુ વાપી અને કામરેજમાં સવા બે ઈંચ વરસાદ પડ્યો છે. રાજયના ૨૦ તાલુકાઓમાં અડધાથી અઢી ઈંચ વરસાદ વરસ્યો તો રાજયના કુલ ૨૬ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ પડ્યો છે. પારડી અને આહવામાં



૨-૨ ઈંચ વરસાદ વરસ્યો અને સંખેડા, ફતેપુરા અને ઉમરપાડામાં એક-એક ઈંચ વરસાદ પડ્યો છે.

તાપી જિલ્લાના વડુંમથક વ્યારા તેમજ વાલોડ, સોનગઢ, ડોલવણ તાલુકામાં વરસાદ પડ્યો છે. તાપી જિલ્લામાં લાંબા વિરામ બાદ વરસાદનું આગમન થતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. સારા વરસાદને કારણે તાપી જિલ્લાના ખેડૂતોના ડાંગરના પાકને જીવનદાન મળ્યું છે.

સુરતના બારડોલી નગર તેમજ આસપાસના ગામોમાં વરસાદ પડ્યો છે. જેમાં ધામરોડ, બાબેન, તેંન સહિતના ગામોમાં વરસાદ પડ્યો છે. બારડોલીમાં સતત બીજા દિવસે પણ વરસાદ પડતાં ખેડૂતોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. તેમજ વરસાદ પડતાં ડાંગર અને શાકભાજીના પાકને જીવતદાન મળ્યું છે.

આ ઉપરાંત સુરતના મહુવા પંથકમાં વરસાદ પડ્યો છે. આ ઉપરાંત હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસોમાં સારા વરસાદની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં આગામી ૧૮,૧૯ અને ૨૦ ઓગસ્ટ રાજયમાં વરસાદનું જોર વધશે. જેમાં દક્ષિણ ગુજરાતમાં ૧૮,૧૯,૨૦ ઓગસ્ટ નોંધપાત્ર વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાંભારે વરસાદ પડી શકે છે. જેમાં તાપી, ડાંગ, વલસાડ, નવસારી જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ખેડૂતો માટે મોદી કેબિનેટ દ્વારા ૧૧ હજાર કરોડની નવી યોજનાનું એલાન

નવી દિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ અને સીસીઈએની મુખ્ય બેઠકમાં પામ ઓયલ મિશનને મંજૂરી આપી દેવામાં આવી છે. તેના પર ૧૧ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યું કે હજુ પણ પામની ખેતી થઈ રહી છે. પરંતુ હવે તેને મોટા સ્તર પર કરવાની તૈયારી છે. તેમણે જણાવ્યું કે ખાદ્ય તેલની કિંમતોમાં સતત વધારો નાના ખેડૂતો માટે વધુ ફાયદાકારક ન હતો. ત્યાં જ નોર્થ ઈસ્ટમાં પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રી નથી. માટે હવે સરકારે નેશનલ એડિબલ ઓઈલ મિશન શરૂ કર્યું છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરે જણાવ્યું કે પામ ઓઈલ મિશનનો મુખ્ય ઉદ્ધેશ ખેડૂતોને તાજા ફળોના બદલામાં સુનિશ્ચિત વ્યવહારિક મુલ્ય પ્રદાન કરવાનું છે. આવનાર ૫ વર્ષમાં ૧૧,૦૪૦ કરોડના કુલ ખર્ચથી મિશન ઉત્તર-પૂર્વી રાજ્યોમાં ૩.૨૮ લાખ હેક્ટર અને બાકીના ભારતમાં ૩.૨૨ની સાથે પામ ઓઈલ રોપણી હેઠળ ૬.૫ લાખ હેક્ટથી વધુ ક્ષેત્રમાં શામેલ કરવામાં આવશે. રવી સીઝનના સમયે સારી ગુણવત્તા વાળી વસ્તુઓને લોકોની વચ્ચે પહોંચાડવામાં આવ્યું. જેનાથી ઉત્પાદન અને રકબેમાં વધારો થયો. પરંતુ હજુ પણ ભારતે તેલ આયાત કરવું પડી રહ્યું છે.

## રાજકારણનું અપરાધીકરણ રોકવા રાજકીય પક્ષો તૈયાર થશે કે કેમ....?

દેશમાં છેલ્લા કેટલાક સમયથી રાજકીય પક્ષો ભ્રષ્ટ કે બાહુબલીઓને ચૂંટણીમાં ઉમેદવાર બનાવી મહત્વ આપી રહ્યા છે.... ત્યારે સવાલ એ ઉભો થાય છે કે ચૂંટાયા બાદ આવા ગુનેગારોજ કાયદાઓ ઘડશે તો દેશનું શું થશે....? છેલ્લા કેટલાક વર્ષોથી રાજકીય પક્ષો જો કોઈ ભ્રષ્ટ કે દાગી નેતા બીજા કોઈ રાજકીય પક્ષમાં હોય તો તેના વિરુદ્ધ ભારે હોબાળો મચાવી દે છે અને દેશભરમાં કાગારોળ મચાવી દેશે... અને હોહા મચાવવામાં કોઈ કસર બાકી રાખતા નથી..... અને જો એ જ બદનામ કરેલ દાગી નેતા પક્ષ પલટો કરીને પોતાના પક્ષમાં આવી જાય તો એ ગંગા નદી ધોયેલો પવિત્ર,દાગ વગરનો બની જાય....! આવા જ પ્રકારની સ્થિતિ વિવિધ ગુનાઓ આચરેલ, ગુનેગારીમા મદદગારી કરેલ, ગુનેગારીમા સામેલ નેતાઓની છે.....! દેશભરમાં અનેક ધારાસભ્યો, સંસદસભ્યોની વિરુદ્ધમાં બળાત્કાર, હત્યા, અપહરણ, ખૂની હુમલા ઉપરાંત અનેક ગંભીર પ્રકારના કેસો કોર્ટોમાં ચાલી રહ્યા છે અને લોકશાહી દેશમાં કાયદાથી હાલત એવી છે કે આવા લોકોને કાયદેસર રીતે ગુનેગાર નક્કી ન કરાય કે સાબિત ન કરવામાં આવે ત્યાં સુધી તેઓ બેજીજક ચૂંટણી લડી શકે છે, તેઓને ચૂંટણી લડતા કોઈ રોકી શકતું નથી-કાયદો પણ નહીં. જોકે આને માટે રાજકીય પક્ષો ખૂદ જવાબદાર છે. રાજકીય પક્ષો જ આવા ગુનેગારીનો ઈતિહાસ ધરાવતા કે દાગી નેતાઓને રાજકારણમાં બેહિચક પક્ષમાં પ્રવેશ આપે છે અને રાજકીય પક્ષોની નીતિ કોઈપણ રીતે એન કેન પ્રકારે ચૂંટણી જીતવાની રહી છે.... એટલા કારણેજ ગુનાખોરીની છાપ ધરાવતા લોકોને ચૂંટણી ઉમેદવાર બનાવતા અચકાતા નથી. સ્પષ્ટ બાબત એ છે કે જે તે દાગી કે ગુનેગાર નાણાં અને બળના જોરે રાજકારણમાં પ્રવેશ કરશે અને સત્તા પર બિરાજમાન થશે ત્યારે તે દેશનું કે દેશના લોકોનું શું ભલું કરશે.....? રાજકીય પક્ષોની આવી તકવાદી લાલચી નીતિના કારણે રાજકીય ક્ષેત્રમાં ગુનાખોરીને પ્રોત્સાહન મળે છે, અને કાયદા પણ આવા ગુનેગારો જ ઘડે છે, આવું બધું રાજકારણમાં ત્યારે જ અટકે કે જ્યારે રાજકીય પક્ષોની ઈચ્છાશક્તિ ગુનાખોરી ખતમ કરવાની હોય.....! દેશમાં જ્યારે રાજકીય પક્ષો આવા દાગી કે અપરાધીઓને ચૂંટણી ઉમેદવાર તરીકે સ્વિકારવાનુ બંધ કરશે તો આ પ્રશ્ન આપોઆપ હલ થઈ જશે.....! પરંતુ ખાટલે મોટી ખોટ......!!

સુપ્રીમ કોર્ટમાં દાગી નેતાઓના ચૂંટણી લડવા પર પ્રતિબંધ મૂકવા અંગેની અગાઉની અરજી પર એક કેસ ચાલી રહ્યો છે. આ પહેલા એમિક્સ ક્યુરીએ પણ સવાલો ઉઠાવ્યા હતા કે જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે તેમના પર ગુનાખોરી બાબતેના કેસ ચાલી રહ્યા હોય તેવા નેતાઓને કાયદા ઘડવાની મંજૂરી શા માટે મળવી જોઈએ.....? સૌપ્રથમ તો આવા તમામ દાગી ધારાસભ્યો અને સાંસદો વિરુદ્ધના કેસો ચાલવા જોઈએ.... અને જો તેઓ નિર્દોષ સાબિત થાય તો જ કાયદા ઘડવાની તેઓને મંજૂરી મળવી જોઈએ. દેશમાં અત્યારની સ્થિતિમાં બળાત્કાર અને હત્યા જેવા ગંભીર કેસો હોય તેઓ ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે, અને ચૂંટણી જીતી જાય તો સાંસદ, ધારાસભ્ય તથા મંત્રી બની શકે છે.ફક્ત આરોપો સાબિત થાય તોજ ચૂંટણી રદ થઈ શકે છે. જોકે સુપ્રીમ કોર્ટે તાજેતરમાં રાજકારણનું અપરાધીકરણ રોકવા ભાજપ- કોંગ્રેસ સહિતના નવ જેટલા રાજકિય પક્ષોને મોટી ફટકાર લગાવી છે. અને ચૂંટણી લડતા ઉમેદવારોની પૂરેપૂરી જાણકારી સાર્વજનિક કરવા જણાવેલ છે....ત્યારે કોઈ રાજકીય પક્ષ રાજકારણમાંથી અપરાધીકરણ ખતમ કરવા તૈયાર થશે કે કેમ.....?તેવો સવાલ જાગૃત નાગરિકોમાં ઉઠવા પામ્યો છે.. પરંતુ જો નાગરિકોજ જાગૃતિ બતાવે અને જે તે પક્ષની આભામાં આવ્યા સિવાય ઉમેદવારોને જાકારો આપે કે પછી તે પક્ષને દાદ જ ન આપે તો.....? તો રાજકીય પક્ષોએજ દાગી નેતાઓને દૂર રાખવા ફરજ પડી શકે.

## NDA ની પ્રવેશ પરીક્ષા આપી શકશે છોકરીઓ, સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આપ્યો આદેશ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આદેશ આપ્યો છે કે છોકરીઓને નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) ની પ્રવેશ પરીક્ષામાં બેસવાની મંજૂરી આપવામાં આવે. આ પ્રવેશ પરીક્ષા ૫ સપ્ટેમ્બરે થવાની છે. કોર્ટે કહ્યું કે આ પરીક્ષા બાદ NDA માં છોકરીઓની ફાઈનલ એન્ટ્રી કોર્ટમાં ચાલી રહેલા કેસના અંતિમ ચુકાદાને આધીન હશે. અત્રે જણાવવાનું કે



છોકરીઓને અત્યાર સુધીમાં નેશનલ ડિફેન્સ એકેડમીની પરીક્ષામાં સામેલ થવાની મંજૂરી નહતી. છોકરીઓ અને તેમના પરિજન આ મુદ્દે લાંબા સમયથી સરકાર પાસે છૂટ આપવાની માંગણી કરી રહ્યા હતા. આ મામલે સરકાર તરફથી કોઈ નિર્ણય ન લેવાતા લોકોએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી. જેના પર સુનાવણી કરતા કોર્ટે વચગાળાનો આદેશ આપ્યો છે. મહારાષ્ટ્રના પુણે પાસે આવેલા ખડકવાસલામાં બનેલી નેશનલ ડિફેન્સ એકેડમી (NDA) દેશના સૈન્ય અધિકારીઓ તૈયાર કરવાનું પ્રસિદ્ધ સંસ્થાન રહ્યું છે. અહીં ૧૨માં ધોરણ બાદ પ્રવેશ પરીક્ષા અને ઈન્ટરવ્યુ દ્વારા એડમિશન અપાય છે. અહીં આર્મી, નેવી, એરફોર્સમાં જવાની ઈચ્છા ધરાવતા તમામ કેડેટ્સને એક સાથે તાલિમ અપાય છે. ૩ વર્ષની ટ્રેનિંગ પૂરી કર્યા બાદ કેડેટ્સને તેમની પસંદની સેનાની તાલિમ સંબંધિત એકેડમીમાં મોકલવામાં આવે છે.

## ભારતમા એક જ દિવસમાં કોરોનાના ૧૦ હજારથી વધારે કેસ, ૪૪૦ લોકોના મોત

નવી દિલ્હી,

દેશમાં બુધવારે કોરોનાના કેસમાં ૧૦ હજારથી વધારેની વૃદ્ધિ નોંધાઈ જેના કારણે સામાન્ય નાગરિકો ઉપરાંત સરકારની ચિંતામાં પણ વધારો થયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૫,૧૭૮ નવા કેસ સામે આવ્યા અને ૪૪૦ લોકોના મોત થયા. તે સિવાય ૩૭,૧૬૯ લોકો સ્વસ્થ થઈને ઘરે પાછા ફર્યા છે. દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૩,૬૭,૪૧૫ થઈ ગઈ છે. સાથે જ દેશના કુલ મૃતકઆંકની વાત કરીએ તો તે ૪,૩૨,૫૧૯ થયો છે. અત્યાર સુધીમાં કુલ ૩,૧૪,૮૫,૯૨૩ લોકો સાજા થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસ વેક્સિનના ૫૫,૦૫,૦૭૫ ડોઝ આપવામાં આવ્યા અને તે સાથે જ કુલ વેક્સિનેશનનો આંકડો ૫૬,૦૬,૫૨,૦૩૦ થઈ ગયો છે.

મંગળવારે ૨૫,૧૬૬ નવા કેસ, ૪૩૭ના મોત

મંગળવારે ૫ મહિના બાદ કોરોનાના સૌથી ઓછા કેસ નોંધાયા હતા. દેશમાં મંગળવારે છેલ્લા ૨૪ કલાકના ૨૫,૧૬૬ નવા કેસ નોંધાયા હતા અને ૪૩૭ લોકોના મોત થયા હતા. ૩૬,૮૩૦ લોકો કોરોનાને માત આપીને સાજા થયા હતા.

## અશરફ ગની તાજિકિસ્તાનમાં કે ઓમાનમાં નહીં યુએઈમાં

કાબુલ,



અફઘાનિસ્તાન પર તાલિબાનના કબ્જા પછી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અશરફ ગની દેશ છોડીને જઈ ચૂક્યા છે. પહેલા કહેવાતું હતું કે અશરફ ગનીએ તાજિકિસ્તાનમાં આશરો લીધો છે, પરંતુ પછી કહેવાયું હતું કે તે તાજિકિસ્તાનથી ઓમાન જતાં રહ્યા હતા. હવે સમાચાર આવ્યા છે કે અશરફ ગનીએ યુએઈની રાજધાની અબુધાબીમાં શરણ લીધી છે. તેઓ હવે અબુધાબીમાં જ રહેશે. આ પહેલા રશિયાના સરકારી મીડિયાએ દાવો કર્યો હતો કે અફઘાનિસ્તાનથી ભાગતા-ભાગતા રાષ્ટ્રપતિ અશરફ ગનીએ બેગોમાં ઠૂંસી-ઠૂંસીને નોટો ભરી હતી. પણ જગ્યા ઓછી હોવાના લીધે નોટો ભરેલી કેટલીક બેગ તેમણે રનવે પર જ છોડી દેવી પડી હતી. આ દરમિયાન અફઘાનિસ્તાનની સ્થાનિક એજન્સીએ જણાવ્યું હતું કે તાલિબાનના રાજકીય કાર્યાલયના સભ્ય અનસ હક્કાનીએ કાબુલમાં અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હમિદ કરઝાઈ અને અબ્દુલ્લા અબ્દુલ્લા સાથે મુલાકાત કરી હતી. મંગળવારે અફઘાનિસ્તાનના ઉપરાષ્ટ્રપતિ અમરુલ્લાહ સાલેહે જાહેરાત કરી છે કે તે દેશમાં જ છે અને વૈધ કાર્યવાહક રાષ્ટ્રપતિ છે. આ પહેલા સમાચાર હતા કે સાલેહ પણ ગનીની સાથે દેશ છોડીને જતાં રહ્યા છે. સાલેહે એક ટ્વીટમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિની ગેરહાજરી, પલાયન, મૃત્યુની સ્થિતિમાં ઉપરાષ્ટ્રપતિ કાર્યવાહક રાષ્ટ્રપતિ હોય છે. હું હાલમાં દેશની અંદર છું અને બંધારણ મુજબ કાર્યવાહક રાષ્ટ્રપતિ છું. હું બધા નેતાઓના સમર્થન અને સહમતી માટે સંપર્ક કરી રહ્યો છું. તેમણે બીજી ટ્વીટમાં જો બાઈડેન પર નિશાન સાધીને જણાવ્યું હતું કે અફઘાનિસ્તાન અંગે હવે જો બાઈડેનની સાથે ચર્ચા કરવી બેકાર છે. અફઘાનોએ સાબિત કરવું પડશે કે અફઘાનિસ્તાન વિયેતનામ નથી અને તાલિબાન પણ ક્યાંય વિયેતનામના સામ્યવાદીઓ જેવા નથી. યુએસ-નાટોથી વિપરીત અમે જુસ્સો ગુમાવ્યો નથી અને આગળ અપાર સંભાવનાઓ જોઈ રહ્યા છીએ. ચેતવણીઓ પૂરી થઈ, વિરોધમાં સામેલ થાવ.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભાભોર રમેશભાઈ વિરસીંગભાઈ
મુ. અંધારી
તા. લીમખેડા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ભાભોર સવિતાબેન મોહનભાઈ
મુ. વટેડા-લીમખેડા માર્કેટ યાર્ડ,
તા. લીમખેડા

## જાહેર હરાજી

જીલ્લા પંચાયત પંચમહાલ હસ્તકની ઘોઘંબા તાલુકાની ખરોડ પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડા નંગ-૨ અને મ.ભો. ઓરડા-૧ના કાટમાળની જાહેર હરાજીની મંજુરી માન.જી.પ્રા.શિ. સાહેબના પત્ર ક્રમાંક નં. જી.પં./શિ./બાંધ/વશી/ટેણ/વશી-૮૬૮ તા.૨૦/૦૮/૨૦૧૫ ના આધારે મળેલ છે. જેની જાહેર હરાજી તા.૨૪/૦૮/૨૦૨૧ના રોજ ૧૦:૦૦ કલાકે ખરોડ પ્રા.શાળા ખાતે રાખેલ છે.

-: શરતો :-

૧. હરાજીમાં ભાગ લેનારે ૨,૦૦૦/- ડીપોઝીટ જમા કરાવવાની રહેશે.
૨. હરાજી રાખનારે કાટમાળ જાતે ઉતારવાનો રહેશે.
૩. નાણાં જમા કરાવી કાટમાળ લઈ જવાનો રહેશે.
૪. હરાજી રદ્દ કરવાનો તમામ અધિકાર SMC ખરોડનો રહેશે.
૫. હરાજીમાં ભાગ લેનારે V.E.C ના નિયમો બંધનકર્તા રહેશે.

અધ્યક્ષ/સભ્ય સચિવ
એસ.એમ.સી.ખરોડ
પ્રા.શાળા, તા. ઘોઘંબા, જી. પંચમહાલ

## શ્રદ્ધાંજલી

અમારા પૂજ્ય પિતાશ્રી સ્વ. ધીરજકુમાર નટવરલાલ સેવક તા.૧૭/૦૮/૨૦૨૧ના રોજ સવર્ગવાસી થયા છે. જે ખુબ જ ખોટું થયું છે. ઈશ્વરને ગમ્યું તે ખરું.....
સદ્દગતનું બેસણુ તા.૨૦/૦૮/૨૦૨૧ના રોજ સવારે ૦૯ થી ૧૨ કલાક દરમ્યાન રાખેલ છે.



સ્વ. ધીરજકુમાર નટવરલાલ સેવક

સ્થળ : શારદામંદિર વિદ્યામંદિર સ્કૂલ, દ્વારકાનગર, બામરોલી રોડ, ગોધરા

લી. ગં.સ્વ. મનોરમા ડી. સેવક (પત્ની)
વરૂણ ડી. સેવક (પુત્ર)
વિભૂતિ ચેતન ઉપાધ્યાય (પુત્રી)
ચેતન ઉપાધ્યાય (જમાઈ)
હેતલ આલોપ પટેલ (પુત્રી)
આલોપ પટેલ (જમાઈ)
ઈવા ચેતન ઉપાધ્યાય (દોહિત્રી)
શિવાંસ આલોપ પટેલ (દોહિત્ર)

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

### નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા

# મહીસાગર જિલ્લાના ૧૯ માર્ગોને કાચા થી ડામર રોડ બનાવવા રૂા.૧૨.૫૦ કરોડ મંજૂર

લુણાવાડા,
રાજયના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યસ મંત્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વર હેઠળ કોરોનાની આ મહામારી વચ્ચે પણ રાજયના વિકાસની ગતિ અવિરત જાળવી રાખી છે. રાજય સરકાર એક પછી એક વિકાસના અનેક કામો હાથ ધરીને જનસુખાકારી અને પ્રજાલક્ષી કામો હાથ ધરી રહી છે.

જેના ભાગરૂપે નાયબ મુખ્યર મંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ખેડા અને મહીસાગર જિલ્લાના કપડવંજ, કઠલાલ, વિરપુર અને બાલાસિનોર તાલુકાના ૧૯ માર્ગોને કાચા થી ડામર માર્ગ બનાવવા અને બે ગામોના થ્રુ રૂટ અ.જી.મા. અને ગ્રા.મા.ને પહોળા કરવા માટે રૂા.૧૨.૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

નાયબ મુખ્યપ મંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા જે માર્ગો મંજૂર કરવામાં આવ્યા છે તેમાં લીમરવાડા નવાપુરા પ્રાથમિક શાળાની હાંડિયા મુખ્યત રસ્તાભને જોડતા રસ્તાનું કામ, માલઈટાડી ગમણજી દેવના મુવાડા ચૂસણિયા ખડોલ રોડથી ખૂટતી કડી, હડમતીયા ગામથી હડમતીયા લાટ રોડ, પાંસરોડા પાટિયાથી પાટિયાના મુવાડા રોડ, રતનકુવાથી ખાંટવાડાને જોડતો રસ્તોલ, ભાથલા સાલયા મગનપુરાને જોડતો રોડ, બાલાસિનોર વિરપુર રોડથી (દેવ) દાદાના મુવાડા રોડ, સ્વાોમિનારાયણ ફાર્મથી કાળાજીના મુવાડા રોડ, ફુલજીના મુવાડાથી સ્મબશાન તરફનો રોડ, નેશનલ હાઈવેથી પનાજી રોહિતવાસ સુધીનો રોડ, મનોરજીના મુવાડાથી રણછોડપુરા લાટ રોડ, ઝમઝર માતાથી મુખીના મુવાડા રોડ, માલઈટાડી ચુસણિયા રોડથી ભીલીયા રોડ, કૃપાજીના મુવાડાથી ભૂતિયા રોડ, વરધારા ભગતના મુવાડા ચપટિયા રોડ, બનાના મુવાડાથી બાકરના મુવાડા રોડ, ઝરોડ અંતિસરથી નિજામિયા રોડ, વડોલ થી મુખીના મુવાડા રોડ અને લોટિયા કાવઠ રોડનો સમાવેશ થાય છે જયારે થ્રુ રૂટ, અ.જી.મા. અને ગ્રા.મા.ને પહોળા કરવાની કામગીરી અંતર્ગત ઠકોરકંપાથી દનાદરા રોડ અને ગજાપગીના મુવાડા એપ્રોચ રોડ પહોળા કરવામાં આવશે.

આમ, આ કાચા માર્ગો ડામર રોડમાં પરિવર્તિત થવાથી તેમજ માર્ગો પહોળા થવાથી આ ગામોના નાગરિકો તેમજ વાહન–ચાલકોને અવર–જવરમાં સરળતા રહેવાની સાથે ઝડપથી પરિવહન શકય બનશે.

## મહીસાગર જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ માટે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા પ્રવાસન સમિતીની બેઠક મળી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાતના પ્રવાસન વિકાસની સાથે સ્થાનિક રોજગારી અને પર્યટકોને આકર્ષવાના બહુહેતુક અભિગમ અન્વયે જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ દ્વારા મહીસાગર જિલ્લા કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારની અધ્યક્ષતામાં પ્રવાસન અંગેની બેઠક મળી હતી.

જિલ્લાના પ્રવાસન સ્થળોના વિકાસ સબંધમાં માનગઢ હિલ પર પુર્ણ થયેલ વિકાસ કાર્યોના આગામી આયોજન અંગેચર્ચા વિચારણા કરી ટેંડરીંગ પ્રક્રીયા હાથ ધરવા સુચના આપી હતી. મહીસાગર જિલ્લાના ઈકો ટુરીઝમ સ્થળોના વિકાસ સંદર્ભમાં કલેશ્વરી, સાતકુંડાતેમજ કડાણા સાઈટ વિકાસ અંગે અધિકારીઓ સાથે રચનાત્મક સૂચનો પરત્વે કામગીરી કરવા માર્ગદર્શન આપ્યુ હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, અધિક નિવાસી કલેકટર એ.આઈ. સુથાર, ટી.સી.જી.એલના અધિકારી જોષી, જિલ્લા આયોજન અધિકારી ગુપ્તા તથા પ્રવાસન વિકાસ સમીતીના સભ્યો અને સબંધિત અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિરપુરમાં ઠેર ઠેર ઉભરાતી ગટરોથી લોકો પરેશાન

વિરપુર,
વિરપુરમાં ગટર ઉભરાવવાની ગંભીર સમસ્યા કાયમ માટેસર્જાયેલી છે. ઠેર ઠેર ગટરો ઉભરાઈ છેજોકેતંત્ર ગટરોની સમસ્યા હદવટાવી જાય ત્યારે કામગીરી કરે છે. એ પણ માત્ર ઉપર છલ્લી સફાઈની કામગીરી કરે છે. તંત્ર ક્યારેય ગટરની સમસ્યાના મુળ સુધી પહોંચતુ નથ. વિરપુર નગરની મોટાભાગની ગટરો ઉભરાય છે. ત્યારે કાયમી ધોરણે છુટકારો મેળવવા માટે જિલ્લા પંચાયત દ્વારા વિરપુર ગ્રામ પંચાયતને જેટિંગ મશીન આપવામાં આવ્યુ છે જે મશીન છેલ્લા એક વર્ષથી તાલુકા પંચાયતની કચેરી આગળ ધુળ ખાઈ રહ્યુ છે. તંત્ર વખતો વખત સફાઈ અભિયાન હાથ ધરે છે તેમ છતાં વિરપુરના કસ્બા વિસ્તારમાં ગટરો ઉભરાવવાની સમસ્યાએ માજા મુકી છે.

## ગોધરા તાલુકાના ગોઠડા ગામે નર્મદા ક્વોરીમાંથી ૩૩૦૦ લીટર બાયોડીઝલનો જથ્થો ઝડપી પાડતી LCB પોલીસ


તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા,
ગોધરા તાલુકાના ગોઠડા ગામે નર્મદાજી કવોરી વર્કસમાં એલ.સી.બી. પોલીસે રેઈડ કરી બાયોડીઝલનો ભેળસેળ યુકત ૩૩૦૦ લીટર કેમીકલનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે ગોઠડા ગામે પ્લોટ નંબર ૪૩૧ નર્મદાજી ક્વોરી વર્ક્સ અંદર બાયોડીઝલ ભેળસેળ યુકત જથ્થો રાખેલ છે. તેના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન અંન્ડર ગ્રાઉન્ડ ટાંકી માંથી બાયોડીઝલનો ભેળસેળ યુકત ૩૩૦૦ લીટર જેટલું કેમીકલ મળી આવ્યું હતું. તેમજ સ્થળ ઉપર બાયોડીઝલ ભરવાનો ઝેડ પંપ મળી આવ્યો હતો. આ બાબતે ગોધરા ગ્રામ્ય મામલતદારને જાણ કરતાં મામલતદાર દ્વારા પકડાયેલ બાયોડીઝલ કેમીકલ યુકત પ્રવાહીના સેમ્પલ એફ.એસ.એલ. માટે લેવડાવવામાં આવ્યા. પોલીસે ૨,૩૪,૩૦૦/–રૂપીયા મળી ૨,૮૪,૫૫૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ ૧૦૨ કલમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી.

## લુણાવાડાના ભલાડા ગામે ઘરમાં આગ લાગતા અનાજ અને ઘાસચારો બળીને ખાખ

મલેકપુર,
મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ભલાડા ગામે રહેતા ડાહ્યાભાઈ પગીના કાચા મકાનમાં આગ લાગી હતી જેમાં મકાનમાં રહેલ અનાજ તેમજ ઘાસચારો બળીને ખાખ થઈ ગયો હતો. સમગ્ર ઘટનાની જાણ થતાં કોઠંબા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. ઘટનામાં સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નથી. ગામલોકો ભેગા મળી આગ બુઝાવવાના પ્રયત્નો હાથ ધરાયા હતા અને ફાયરબ્રિગેડને જાણ કરી હતી જેથી ફાયર ફાયટર ઘટના સ્થળે આવી પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

## પર્યાવરણ વિદ્ડ ડૉ.મૂનીભાઈ મહેતા કુદરતની ગોદ નાલંદા વિદ્યાલયની મુલાકાતે

ગોધરા,
સ્વતંત્ર પર્વના અમૃત મહોત્સવના પૂર્વ દિવસે નાલંદા વિદ્યાલયમાં પદ્મશ્રી વૈજ્ઞાનિક ડૉ. મૂનીભાઈ મહેતા અને શિક્ષણવિદ વિદુષી શ્રીમંતી ઈલાબહેન મહેતા પધાર્યા. શાળાના બાળકોને સંબોધતા પદ્મશ્રી મૂનીભાઈ એ ડૉ.કલામ સાહેબના શબ્દો ટાંકયા કે 'સ્વપ્ન જુઓ, સ્વપ્ન સેવો અને તમારી તથા દેશની પ્રગતિ કરો.' ડૉ. મહેતા સાહિત્યકાર કવિયત્રી માતાના સંતાન અને પર્યાવરણ વિદ્ છે. એટલે કે સાહિત્ય અને સાયન્સનો સુભગ સમન્વય ઉપરાંત વહી વિશ્વામિત્રીના પ્રણેતા અને વિશ્વામિત્રી નદીનું હોલીસ્ટીક વહન એટલે કે સાહિત્ય, વિજ્ઞાન અને આધ્યાત્મનો ત્રિવેણી સંગમ નાલંદા વિદ્યાલયના સંચાલક કુ.નેહલબેન જોષીએ ડૉ.મૂનીભાઈના નામ પ્રમાણે જ ગુણ ગણાવી તેમને ઋષિના પદથી સંબોદયા. ભારતીય ઋષિ પરંપરાના સૌ ઋષિઓ વૈજ્ઞાનિક જ હતા. ડૉ. મૂની મહેતા સાહેબે સ્વામી વિવેકાનંદજીને યાદ કરતા સ્વામીજીએ અમેરીકામાં કહેલી વાતને ટાંકી કે, ''જે બીજા માટે જીવે એ જ સાચું જીવન છે.'' ઈલા બહેને શાળાના વાતાવરણની પ્રસંશા કરતા કહ્યું કે, કુદરતના ખોળે સહજમાં જ શિક્ષણ મળે એવું વાતાવરણ છે. પર્યાવરણ, વિજ્ઞાન, જ્ઞાન અને તે માટેના શકય સંસાધનોથી સંસ્થાને મદદ કરવાનું વચન આપ્યું. દાંપત્ય બેલડી રાજુભાઈ અને કલ્પનાબેન ઠકકર નાલંદા શાળા પરિવારના અભિન્ન ભાગ બનવા બદલ ધન્યતા વ્યકિત કરી નાલંદા વિદ્યાલયના પ્રાંગણમાં સાહિત્ય પર્યાવરણ, શિક્ષણ, વિજ્ઞાન સેવા અને આધ્યાત્મિકતાનો અનેરો અવસર યોજાયો. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને આનંદ સાથે હરીયાળી ક્રાંતિ પંચમહાલની ઓળખ પાવાગઢ અને વિશ્વામિત્રીના ઉપાસક પદ્મશ્રી ડૉ.મૂનીભાઈ મહેતા અને ઈલાબેહન મહેતાને હર્ષભેર વધાવ્યા.

# દેવગઢ બારીયા તાલુકામાં ખેડૂતો જોડે થતી ઉઘાડી લૂંટ ૩૫૦ થી પણ વધુ ખાતરના ભાવ વસૂલતા વેપારીઓ

દે.બારીયા,
દેવગઢબારિયા નગર તેમજ તાલુકામાં ખાતરના વેપારી ઓ દ્વારા જાણે ખેડૂતો પાસેથી ઉઘાડી લૂંટ ચલાવતી હોય તેમ ખેડૂતો પાસેથી ખાતરની થેલી ના ૩૫૦ રૂપિયાથી પણ વધુ ભાવ લેતા વેપારીઓ તંત્ર દ્વારા યોગ્ય પગલાં લઈ સરકારી રાહે ખાતર મળી રહે તેવી ઉઠેલી માંગ.

દેવગઢ બારીયા તાલુકામાં વરસાદ જાણે હાથતાળી આપતો હોય તેમ વરસાદ ખેંચાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. તેમજ સમયસર વરસાદ ન આવતા ખેડૂતો દ્વારા કરવામાં આવેલી ખેતી નિષ્ફળ ગઈ હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે કેટલાક ખેડૂતોએ એકવારની નિષ્ફળ ગયેલી ખેતીના કારણે બીજીવાર ખેતરમાં નવેસરથી ખોળ ખાતર નાખી ઓરણ કરી કુવા, નદી, નાળા માંથી પાણીની વ્યવસ્થા કરી પોતાનો પાક બચાવવાની કોશિશ કરી રહ્યા છે. એક તરફ મોંઘાદાટ બિચારણો તો બીજી તરફ ખાતર ના વધતા જતા ભાવ ખાતરની થતી કાળા બજાર જેના કારણે ખેડૂતોને વધુ એક ફટકો પડતો હોય તેમ જણાઈ રહ્યું છે. ત્યારે નગર તેમજ તાલુકામાં ખાતર નો વેપાર કરતા કેટલાક વેપારીઓ તેમજ મંડળીઓ દ્વારા ખાતરની કૃત્રિમ અછત ઉભી કરી ખાતરની એક થેલીનો રૂ ૩૫૦થી પણ વધુ ભાવ વસૂલાતો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આ ગરીબ ખેડૂત ની હાલત એટલી કફોડી બનવા પામી છે કે વધતા જતા ખાતર ના ભાવ ને લઈ ખેડૂત જાણે ખેતી કરવાને લાયક રહ્યો ન હોય તેમ જોવાઈ રહ્યું છે. ત્યારે કેટલાક વેપારીઓ દ્વારા ખેડૂતને જોઈતું ખાતર આપવાના બદલે તેને પણ તું ખાતર પણ પધરાવી દેતા હોવાનું કહેવાઈ રહ્યું છે. ત્યારે તંત્ર દ્વારા તપાસ હાથ ધરી સરકારી ભાવે ખેડૂતોને ખાતર મળી રહે તેવા પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. આમ દેવગઢ બારીયા તાલુકા તેમજ નગરમાં ખાતરની કુત્રિમ અછત ઊભી કરી સરકાર ના નિયમો નેવે મૂકી વધુ ભાવ વસૂલતા વેપારીઓ સામે તંત્ર પગલાં ભરશે કેમ તે જોવાનું રહ્યું.

## ફતેપુરા તાલુકાના આફવામાં ફોરવ્હીલ વાહને અડફેટમાં લેતા ચાર વર્ષીય બાળકીનું કમકમાટીભર્યુ મોત

ફતેપુરા,
ફતેપુરા તાલુકામાં વાહનચાલકો બેફામ બની રહ્યા છે.દિનપ્રતિદિન નાના–મોટા અકસ્માતોની વણથંભી વણઝાર સતત ચાલુ રહેવા પામેલ છે. તેમાં આજરોજ આફવા ગામે રહેતી બાળકી તેની માતા તથા અન્ય લોકો સાથે આજરોજ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં આફવા બજારમાં જવા નીકળી હતી.તેવા સમયે આફવા– ભોજેલા રોડ ઉપરથી પૂરપાટ દોડી આવતા ફોરવીર વાહનચાલકે બાળકીને અડફેટે લેતા બાળકીનું ઘટનાસ્થળેજ કમકમાટીભર્યુ મોત નિપજાવી પોતાના વાહનને લઈ ભાગી છુટયો હોવાનું જાણવા મળે છે.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના આફવામાં રહેતા મહેશભાઈ રવજીભાઈ બારીયાની પુત્રી ભૂમિકાબેન ઉંમર વર્ષ ૪ તેની માતા તથા અન્ય લોકો સાથે આજરોજ બપોરના દોઢેક વાગ્યાના અરસામાં આફવા ગામમાં જવા પગદંડી નીકળ્યા હતા.તેવા સમયે ભોજેલા થી આફવા તરફ આવતા જાહેર માર્ગ ઉપર એક ફોર વ્હીલર વાહન ચાલકે તેના કબજાના વાહનને પૂરપાટ અને ગફલતભરી રીતે હંકારી લાવી ભૂમિકાબેનને અડફેટમાં લીધા હતા.જ્યારે અન્ય લોકો સમય સુચકતા વાપરી ખસી જતા તેમનો આબાદ બચાવ થયો હતો.ગંભીર ઈજાગ્રસ્ત બાળકી ભૂમિકાબેનને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સ્થળ ઉપરજ કમકમાટીભર્યું મોત નીપજયું હોવાનું જાણવા મળે છે. જ્યારે વાહન ચાલક તેના કબજા ના વાહનને અકસ્માત બાદ સ્થળ ઉપરથી લઈ ભાગી છુટયો હોવાનું જાણવા મળે છે.

ઉપરોકત અકસ્માત સંદર્ભે મૃતક ભૂમિકાબેનના પિતા મહેશભાઈ બારીયાએ સુખસર પોલીસ સ્ટેશનમાં જાણ કરતા મૃતકની લાશ સુખસર સરકારી દવાખાનામાં પી.એમ અર્થે મોકલી પી.એમ બાદ લાશનો કબજો તેમનાં વાલીવારસોને સોંપી અકસ્માત કરી ભાગી છૂટનાર ફરાર વાહનચાલક સામે ગુન્હો દાખલ કરી તેની શોધખોળના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

## દાહોદ દાઉદી વ્હોરા સમાજ ટ્રસ્ટની દુકાન સંમતિ વગર ભાડે આપતા ૧૧ વ્યકિતઓ સામે કોર્ટનો તપાસ હુકમ

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલા દાઉદી વ્હોરા જમાત અંજુમને મોહંમદી અને દાહોદની વ્હોરા મુસાફરખાના ટ્રસ્ટમાં સામેલ મહિલા સહિત ૧૧ વ્યકિતએ મિલ્કતનો ગેરકાયદે કરાર કરી દુકાન ભાડે આપી દીધી છે. ટ્રસ્ટીઓની સંમતિ વિના તેમજ ચેરીટી કમિશનરની પુર્વ મંજુરી વિના કોઈપણ જાતની જાહેર નોટિસ વગર ગેરકાયદે ટ્રસ્ટીની મિલ્કતનુ અધિગ્રહણ કરાતા દાહોદની ચીફ જયુડિ.મેજી.કોર્ટમાં કેસ ચાલી જતાં કોર્ટે દાહોદની ડી.એસ.પી.અને દાહોદ શહેર પોલીસને તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવા આદેશો આપ્યા છે. તે અંગેનો રિપોર્ટ કોર્ટમાં દિ–૩૦માં આપવા હુકમ કર્યો છે. દાહોદની બુરહાની સોસાયટીના રહિશ શેખ શફદર તાહિરભાઈ લીમખેડાવાલા પોતે દાઉદી વ્હોરા જમાત પ્રોપર્ટી ટ્રસ્ટના સહ ટ્રસ્ટી છે. તેમણે આ સંબંધમાં દાહોદની ચીફ જયુડિ.મેજીસ્ટ્રેટની કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. કોર્ટે આ મામલે જણાવ્યુ હતુ કે, ફાતેમાબેન શેખ, યુસુફભાઈ જાબુઆવાલા, મુલ્લા મુફદ્દલ કુરબાનહુસેન ઝાબુઆવાલાના કાકી થાય છે. શેખ જાહેરઅલી અમાનતઅલી બદરી, મુલ્લા મુફદ્દલ કુરબાનહુસેન ઝાબુઆવાલા, મોહંમદ સૈફુદ્દીનભાઈ જીરૂવાલા, યુસુફભાઈ મોહંમદભાઈ કુંદાવાલાએ એકબીજાના મેળાપીપણામાં મિલ્કતનુ ગેરકાયદે કરાર કરી ફાતેમાબેન શેખ યુસેફભાઈ ઝાબુઆવાલાને દુકાન ભાડે આપી હતી. આ મામલે ડી.એસ.પી.એ ફરિયાદ સંબંધમાં કરેલા હુકમ કે કાર્યવાહી મામલે દિ–૩૦માં તેનો રિપોર્ટ કોર્ટને કરવા હુકમ કરાતા સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

# હાલોલ કંજરી રોડ પર પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ પડતા પાણીનો વેડફાટ

હાલોલ,
હાલોલના બસ સ્ટેન્ડ પાસે ગટર લાઈનની પાઈપો નાંખવા માટે જેસીબી મશીનથી થતાં આડેધડ ખોદકામ દરમિયાન સવારે નગરપાલિકા પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીના ફુવારા ઉડતા વિસ્તારમાં પાણી પાણી થઈ ગયુ હતુ. પાણીના વેડફાટમાં લાખો લીટર પાણી રસ્તા પર વહી ગયુ હતુ. તો બીજી તરફ પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા પાણીનો પ્રવાહ બંધ કરાતા કંજરી રોડ સહિતના વિસ્તારના લોકોને પાણી વગર ટળવળવાનો વારો આવ્યો છે. પાઈપમાં થયેલુ ભંગાણ કયારે સમારકામ થશે અને કયારે વિસ્તારમાં પાણી પુનઃ શરૂ થશે તે અંગે લોકો મીટ માંડીને બેઠા છે.

શહેરમાં ચાલતી ભુગર્ભ ગટર લાઈનની કામગીરી પ્રિ–આયોજન વગર કરાતી હોવાને લઈ આડેધડ ખોદકામ સાથે વાહનોની અવરજવરને ડાયવર્ઝન આપ્યા વગર કરાતા ઠેર ઠેર ટ્રાફિકજામ થતાં કલાકો સુધી વાહનોની કતારો લાગી જાય છે. ગટરની પાઈપો નાંખવા ખોદકામ કરવા કેટલીક જગ્યાઓ પર રોડ રસ્તા ખોદી પાઈપો નાંખ્યા પછી રોડ રસ્તો બનાવ્યા વગર ઉપર માટી નાંખી દેતા રોજના અસંખ્ય વાહનો ફસાય છે. અને ટ્રાફિકજામ થાય છે. સમસ્યા અંગે ફરિયાદ કરવા જતા બાય બાય ચાયણી જેવો ઘાટ સર્જાયો છે. રહિશો નગરપાલિકા ખાતે સમસ્યાઓ અંગે ફરિયાદ કરવા જાય છે તો પાલિકાના સત્તાધિશો કહે છે કે ગટરલાઈનની કામગીરી અમારા અંડરમાં આવતી નથી. કોન્ટ્રાકટરને ફરિયાદ કરે તો કોન્ટ્રાકટર દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન આપી હોવાના રહિશો દ્વારા આક્ષેપો કરાઈ રહ્યા છે.

## ઘોઘંબાના બોરૂ ગામે દિવ્યાંગોને કોઈ સરકારી યોજનાનો લાભ મળ્યો નથી

ઘોઘંબા,
પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના આંતરિયાળ આદિવાસી વિસ્તાર બોરૂ ગામે રહેતા જન્મજાત ૮૦ ટકા વિકલાંગતા ધરાવતા ૧૦માં ધોરણનો અભ્યાસ પુરો કરનાર મનહર ચૌહાણને દિવ્યાંગો માટેની કોઈપણ સરકારી યોજનાનો લાભ હજુ સુધી નહિ મળ્યો હોવાનુ જણાવ્યુ હતુ.

રાજય સરકારના સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગો માટે અનેક યોજનાઓ પૈકી એકપણ યોજનાનો લાભ આ દિવ્યાંગ સુધી પહોંચ્યો નથી. દિવ્યાંગ મનહરનુ પરિવાર એપીએલ કુટુંબ છે. એટલે સરકારી અનાજ મળતુ નથી. બારણા વગરના કાચા ઝુંપડામાં રહેતા આ પરિવારને સરકારની આવાસ યોજનાના લાભ અંગે પુછતા આ દિવ્યાંગે કહ્યુ હતુ કે, સ્થાનિક સ્વરાજની ચુંટણીએ આ કુટુંબે દારૂ વહેંચાયો ત્યારે એ નહિ લઈ પોતાના મતાધિકારનો સ્વતંત્ર રીતે ઉપયોગ કરતા સરપંચે તેઓના પરિવારને આવાસ યોજનાનો લાભ અપાવ્યો નથી. ચાર માસ અગાઉ પિતાનુ અવસાન થયુ હોવા છતાં માતાનુ વિધવા સહાય પેન્શન ચાલુ થયુ નથી. ચાર વિધા જમીન પરિવારે મોભી ગુમાવતા જમીન ભાગે આપવી પડી છે. રાજય સરકારે દિવ્યાંગોને પતેઓની કેટેગરી મુજબ ના મળતાપાત્ર લાભો આપવાની જે તે સ્થળે કેમ્પ યોજી પહેલ કરી હતી છતાં આવા છેવાડાના વિસ્તારોના મનહર જેવા દિવ્યાંગ યુવકોને આવા કેમ્પનો લાભ મળી શકયો નથી. ઘોઘંબા તાલુકાના બોરૂ ગામના દિવ્યાંગનુ પરિવાર સરકારી આવાસ અને શૌચાલયના લાભ અને નવી ટ્રાઈસિકલની આશાઓ રાખી રહ્યુ છે.

# મોદીએ કહ્યું-અફઘાનિસ્તાનના હિંદુ અને શીખ નાગરિકોને ભારતમાં આશરો આપીશું

નવી દિલ્હી,
અફઘાનિસ્તાનની સ્થિતિને લઈને PM નિવાસ સ્થાને મંગળવારે બેઠક મળી, જેમાં વડાપ્રધાન મોદીએ અફઘાનિસ્તાનમાં ફસાયેલા ભારતીયોને સકુશલ પરત કરવાના સુનિશ્ચિત કરવાના નિર્દેશ આપ્યા છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ PM મોદીએ કહ્યું કે ભારત આવતા દરેક અલ્પસંખ્યકની મદદ કરવામાં આવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ બેઠકમાં ગૃહ મંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને NSA અજીત ડોભાલ ઉપસ્થિત રહ્યાં હતા.સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, વડાપ્રધાન મોદીએ બેઠકમાં તમામ સંબંધિત અધિકારીઓને આગામી દિવસોમાં અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોની સુરક્ષિત વાપસી સુનિશ્ચિત કરવા માટે તમામ આવશ્યક ઉપાય કરવાના નિર્દેશ આપ્યા છે.એક વરિષ્ઠ અધિકારી મુજબ વડાપ્રધાન મોદીએ એમ પણ



કહ્યું છે કે ભારતને માત્ર પોતાના નાગરિકોની રક્ષા કરવી જોઈએ, પરંતુ અમે તે શીખ અને હિંદુ અલ્પસંખ્યકોને પણ આશરો આપશે જે ભારત આવવા માગે છે, અને અમે દરેક સંભવ મદદની પ્રદાન કરવી જોઈએ. મદદ માટે ભારત તરફ જોતા આપણાં અફઘાન ભાઈઓ અને બહેનોની મદદ કરવી જોઈએ.નાણાં મંત્રી નિર્મલા સીતારમણ પણ આ બેઠકમાં ઉપસ્થિત છે. NSA અજીત ડોભાલ દ્વારા અફઘાનિસ્તાનની સ્થિતિ મુદ્દે રજૂઆત કરવામાં આવી રહી છે. આ બેઠકમાં પ્રાદેશિક રાજકારણ, રાજદ્વારી સ્થિતિ સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી રહી છે.રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે એક નિવેદનમાં કહ્યું છે કે તમામ મહત્વના દેશો સાથે સતત સંપર્ક કરવામાં આવી રહ્યો છે. અફઘાનિસ્તાનમાં ખૂબ ઝડપથી સ્થિતિ બદલાઈ રહી છે.અલબત અશરફ ગનીએ દેશ છોડ્યો ત્યારબાદ એ બાબત સ્પષ્ટ નથી કે નવી સરકારનું સ્વરૂપ કેવું હશે.બીજી બાજુ ભારત અફઘાનિસ્તાનમાં ફસાયેલ ભારતીયોને બહાર કાઢવા માટે સતત પ્રયત્ન કરી રહ્યું છે. આજે ભારતીય વાયુસેનાનું વિમાન ૧૫૦ ભારતીયોને લઈ દેશ પરત ફર્યું છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## અહો આશ્ચર્યમ....દે.બારીયા નગરપાલિકાનો વધુ એક ભ્રષ્ટાચાર

# નગરપાલિકામાં ટાઉન પ્લાનરની ભરતીના મહત્વના રેકર્ડ ની ફાઈલ ગાયબ



દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ દેવગઢ બારીયા નગરપાલિકાના દિવસેને દિવસે કૌભાંડો બહાર આવતા જાય છે. દેવગઢ બારિયાના જાગૃત નાગરિક દ્વારા તા.૧૯.૦૪.૨૦૧૯ ના રોજ આર.ટી.આઈ દ્વારા માહિતી માંગવામાં આવી હતી. તેના અનુસંધાને નગર પાલિકાએ આ અરજી કલેકટર દાહોદને તબદીલ કરી હતી. પંરતુ કલેકટર દ્વારા પણ સમય મર્યાદામાં માહિતી મળેલ ન હતી. જેથી જાગૃત નાગરિક સંજય પરમાર દ્વારા પ્રાદેશિક કમિશનર નગરપાલિકા વડોદરાને પ્રથમ અપીલ કરવામાં આવતા તેઓ દ્વારા નગરપાલિકાને મૌખિક હુકમ કરવામાં આવેલ કે દિન ૭ માં અરજદારને તમામ માહિતી પૂરી પાડવાની રેહશે. તેમ છતાં માહિતી મળેલ ન હતી. જેથી અરજદારને ના છૂટકે તકેદારી આયોગ ગાંધીનગરને અરજી કરવી પડી. શું અરજદાર ને ન્યાય મળશે? દેવગઢ બારિયા નગર પાલિકાની ટાઉન પ્લાનરની ભરતીમાં થયેલ મોટી રકમની લેવડ દેવડ અને ગેરરીતિ બહાર આવશે? ઉમદેવારો સાથે થયેલ અન્યાય સામે તકેદારી આયોગ ન્યાય અપાવશે? હકીકતમાં દેવગઢ બારીયા નગર પાલિકાની જવાબદારી હોય કે તમામ ભરતીની ઓરીજીનલ ફાઈલ તેમના દફતરે રાખવાની હોય. પરંતુ દેવગઢ બારીયા નગરપાલિકા તો જે ઉમેદવારો એ ભરતી માટે પરીક્ષા આપેલ હતી. તે ઉમેદવારો માટે ‘‘મગર મચ્છ’’ જેવી પુરવાર થઈ મહત્વના ડોક્યુમેન્ટની ફાઈલ જ ગળી ગઈ. જો સદર દેવગઢ બારિયા ટાઉન પ્લાનરની ભરતીની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો કેટલાય ને ઘરે બેસવાનો વારો આવે તેમ છે અને ખરેખર જે ઉમેદવાર આ ભરતી માટે લાયક હતા તેમને ન્યાય મળી શકે તેમ છે. આવા તો કેટલાય કૌભાંડ આચરવામાં આવ્યા છે. તેની ચર્ચા દેવગઢ બારીયાની પ્રજા જાણવા માંગે છે. જો તકેદારી આયોગ ગાંધીનગર તરફથી પણ યોગ્ય ન્યાય ના મળ્યો તો આ અરજદાર ની હાઈકોર્ટના દ્વાર પણ ખખડાવવાની તૈયારી છે. કેમ કે, સરકારી જમીનમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે જાગૃત નાગરિક દ્વારા હાઈકોર્ટ માં એક કેસ ચાલી જ રહ્યો છે. કેમકે તેમાં પણ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

## દેવગઢબારીયા પાલિકા તંત્રના વિવાદો થી ઘેરાયેલા શોપિંગમાં ઓચિંતા કોઈ વેપારીએ તાળું ખોલી સિમેન્ટ ખાલી કરતા અનેક તર્ક વિતર્ક

દાહોદ,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢબારીયા નગરપાલિકા વિસ્તાર માં કેટલાય અવનવા ફતવાઓ અવારનવાર થયા કરતા હોય છે અને આખરે તે ફતવા ઓ એક અફવા માં બની જતા હોય છે. પાલિકા વિસ્તારમાં નગરની શાન સમા ટાવરની સામે લગભગ ચાર પાંચ વર્ષે થી જીઈબી કચેરી ખાલી કરાવીને ત્યાં એક પાકું શોપિંગ સેન્ટર પાલિકા તંત્ર દ્વવારા બનાવવા માં આવેલ છે. પાલિકામાં આ શોપિંગ બન્યું તે પછી પાલિકામાં પ્રમુખની ખુરશી કેટલીયે વખત બદલાય ગઈ પણ હજુ સુધી આ શોપિંગની કોઈ હરાજી કે કોઈ દુકાનદારને ભાડે પણ પાલિકા આપી શક્યું નથી. ત્યારે આ શોપિંગ સેન્ટર માં આવેલી દુકાન ખોલી ને ટ્રક માંથી સિમેન્ટ ધોળા દિવસે ખાલી કરાઈ રહ્યો તે વિચાર માંગતો પ્રશ્ન છે.

પાલિકા તંત્ર ના આ શોપિંગ સેન્ટર માટે કેટલીક વાર દુકાનો ની હરાજી માટે પ્રશ્નો ઉપસ્થિત થયા અને શાંત થઈ ગયા. ના કોઈ ને ભાડા ઉપર દુકાન મળી કે નહીં વેચાણ. મળતા ખાનગી સૂત્રો પ્રમાણે આ શોપિંગ ની હરાજી માટે દાહોદ જિલ્લા કલેક્ટર કચેરી સુધી પણ મામલો પહોંચી ગયો હતો. પણ છેવટે તેનું શુ થયુ તેની કોઈને માહિતી હાલ સુધી નથી. વિવાદાસ્પદ બનેલા આ શોપિંગ સેન્ટરમાં કઈ રીતે દુકાન ખોલી અને સિમેન્ટ ખાલી કરાયો તે નગરજનોમાં ચર્ચાનો વિષય બન્યો છે. બીજી તરફ એવું પણ સંભળાય છે કે, પાલિકામાં જે કઈ કામગીરી ચાલે છે. તેના ઉપયોગ માટેનો સિમેન્ટ અહીંયા ખાલી કરવામાં આવ્યો છે.

આમ દેવગઢબારીયા પાલિકા વિવાદો થી ઘેરાયેલા શોપિંગ માં ઓચિંતા દુકાન ખોલી સિમેન્ટ ખાલી કરાતા નગરજનોમાં અનેક તર્કવિતર્ક થઈ રહ્યા છે.

## દાહોદ જીલ્લામાં સાર્વત્રિક ધોધમાર વરસાદ નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

લાંબા વિરામ બાદ ગતરોજ દાહોદ શહેર સહિત જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયા છે. માત્ર કલાકોના સમયગાળામાં ધોધમાર વરસાદને પગલે દાહોદ તાલુકામાં અંદાજે બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો ત્યારે બીજી તરફ ઠેરઠેર વરસાદી પાણીના સામ્રાજ્ય સાથે જાહેર રસ્તાઓ પાણીથી ભરાઈ ગયા છે. નીચાણવાળા વિસ્તારોમાં પણ વરસાદી પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ઘરોમાં પાણી ઘુસી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેર સહિત જિલ્લાના ખેડૂત મિત્રોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. લગભગ ૧૫ દિવસ પહેલા વસેલ વરસાદ બાદ સતત પંદર દિવસ સુધી મેઘરાજાએ દર્શન ન દેતાં જિલ્લાના ખેડૂતો મિત્રોમાં ચિંતાના વાદળો છવાયા હતા પરંતુ આજરોજ અચાનક વાતાવરણમાં પલટો આવતા અને સાંજના ૫:૦૦ વાગ્યા બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે દાહોદ શહેર સહિત જિલ્લામાં વરસાદી પાણી છવાઈ ગયા હતા. દાહોદ શહેરની વાત કરીએ તો દાહોદ શહેરમાં વીજળીના કડાકા ધડાકા સાથે અને પવનના ભારે સુસવાટા સાથે સર્વત્ર વરસાદી પાણી છવાઈ ગયા હતા બીજી તરફ મેઘરાજાની પધરામણી સાથે જ દાહોદ શહેરમાં ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાતા દાહોદ શહેરવાસીઓમાં આક્રોશની લાગણી પણ વ્યાપી જવા પામી હતી કારણ કે, દર વખતે વરસાદના માહોલ વચ્ચે વીજ પુરવઠો ખોરવાતા લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આજના ધમાકેદાર મેઘરાજાની પધરામણીને પગલે નીચાણવાળા વિસ્તારો તેમજ ઘરોમાં પાણી ભરાઈ ગયા હતા. ખાસ કરીને દાહોદ શહેરના સ્ટેશન રોડ વિસ્તાર ખાતે તેમજ ચાકલિયા રોડ, ગોવિંદ નગર , ઈન્દોર હાઈવે રોડ જેવા વિવિધ વિસ્તારોમાં જાહેર માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. હાલ જ્યારે દાહોદ શહેરમાં સ્માર્ટ સીટી અંતર્ગત કામકાજ ચાલી રહ્યું છે ત્યારે રસ્તાઓ પર જ્યાં જુઓ ત્યાં ખાડો ખોદી દેવામાં આવ્યા છે. આ ખાડાઓ પણ વરસાદી પાણીથી ભરાઈ જતાં ઠેરઠેર કીચડ કાદવનું સામ્રાજ્ય સર્જાઈ જવા પામ્યું છે જેને પગલે વાહનચાલકો તેમજ રાહદારીઓને અવર – જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે બીજી તરફ સાંજના સમયે મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રીના પગલે ઓફિસ, દુકાનદાર જેવા નોકરિયાત તેમજ ધંધાદારી વ્યક્તિઓને સમયસર ઘરે પહોંચવામાં પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો પરંતુ લાંબા સમય બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ હતી અને છેલ્લા ઘણા દિવસોથી અસહ્ય ગરમી તેમજ બફારાથી ત્રાહિમામ પોકારી ઉઠેલા દાહોદ શહેર વાસીઓએ ઠંડકનો અનુભવ કર્યો હતો. આજના વરસાદના પગલે સર્વત્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

## લીમખેડાના પાણીયા ગામે પોલીસે પીકઅપ ગાડીનો પીછો કરી ગાડી માંથી ૩.૪૪ લાખનો દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાણીયા ગામેથી એલ.સી.બી. પોલીસે એક પીકઅપ ફોર વ્હીલર ગાડી અને તેની સાથે પાયલોટીંગ કરી રહેલ ઈકો ફોર વ્હીલર ગાડી એમ બંન્ને વાહનોનો ફિલ્મી ઢબે પીછો કરી પીકઅપ ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ.૨૬૭૬ કિંમત રૂા.૩,૪૪,૪૬૦ ના વિદેશી દારૂના જથ્થા સાથે બે જણાની અટકાયત કરી છે. જ્યારે અન્ય પોલીસને જોઈ ભાગી છુટેલા ચાર ઈસમો વિરૂધ્ધ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.૧૮મી ઓગષ્ટના રોજ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે લીમખેડા તાલુકાના પાણીયા ગામે વોચ ગોઠવી ઉભા હતાં. આ દરમ્યાન ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક પીકઅપ ફોર વ્હીલર ગાડી અને તેની પાઈલોટીંગ કરી રહેલ અન્ય એક ઈકો ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને બંન્ને ગાડીઓનો ફિલ્મી ઢબે પીછો કરી બન્ને ગાડીઓને ઝડપી પાડી હતી. બંન્ને ગાડીમાં સવાર ભાવેન્દ્રભાઈ કમલેશભાઈ બબેરીયા (રહે. વડબારા, માતા ફળિયું, તા.જિ.દાહોદ) અને સુરેશભાઈ રમણભાઈ વહોનીયા (રહે. કઠલા) બંન્નેની અટકાયત કરી પીકઅપ ફોર વ્હીલર ગાડીની દાહોદ એલ.સી.બી. પોલીસે તપાસ હાથ ધરતાં પોલીસ ચોંકી ઉઠી હતી. પીકઅપ ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂની અને બીયરની કુલ બોટલો નંગ. ૨૬૭૬ કિંમત રૂા.૩,૪૪,૪૬૦નો પ્રોહી જથ્થો ઝડપી પાડ્યો હતો જ્યારે પોલીસને જોઈ બંન્ને ગાડીઓમાં સવાર અન્ય રણજીતભાઈ સીટુભાઈ નીનામા (રહે.વડબારા, સરપંચ ફળિયું), રાજુભાઈ રૂપાભાઈ મેડા (રહે.ખંગેલા, તા.જિ.દાહોદ), સલમાન ખાન ઉર્ફે સલીમ અલીયારખાન પઠાન (રહે. રેલ્વે સ્ટેશન સામે, સીંગલ ફળિયું, ગોધરા, તા.ગોધરા, જિ.પંચમહાલ) અને દિનેશભાઈ રૂપસીંગભાઈ બારીયા (રહે.વડબારા,તા.જિ.દાહોદ) નાઓ પોલીસને જોઈ નાસી જવામાં સફળ રહ્યાં હતાં.

આ સંબંધે દાહોદ એલ.સી.બી. પોલીસે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનો પર દાળ, ખાંડ, તેલનો જથ્થો હજુ સુધી પહોંચાડાયો નથી ?

દે.બારીયા,

દે.બારીયા તાલુકામાં લગભગ ૧૮૪ જેટલી સસ્તા અનાજની દુકાનો આવે છે. જેમાં અનાજ ઘઉં, ચોખા તથા ખાંડ, દાળ, તેલનો જથ્થો પહોંચાડાયો નથી શું ? સરકારી ગોડાઈનમાં દાળ, તેલ, ખાંડનો જથ્થો હાલમાં સ્ટોકમાં ઉપલબ્ધ નથી. આ છેલ્લા ત્રણ માસ થી આવું લેટ જથ્થો એ પણ ખાંડનો પહોંચતો જાણી સમજી વિચારી ષડયંત્ર થી અને તમામ સરકારી તંત્રની મેળાપીપણાથી થઈ રહ્યું છે ? એડવાન્સ જથ્થો આપવાની પ્રથા પણ જાણી સમજીને બંધ કરી દેવામાં આવે છે. મૂલ્યવાળા ઘઉં, ચોખા, દાળ, ખાંડ, તેલનો જથ્થો પ્રોપર શહેરની સસ્તા અનાજની દુકાનો ઉપર હાલમાં આ લખાય છે. ત્યારે પણ પહોંચાડાયો નથી. કેમ ગરીબોના કોળીયો ઝુંટવી લો છો એકબાજુ સરકાર મોટા મોટા વિજ્ઞાપનો દ્વારા જાહેર કરે છે. દિવાળી સુધી વિના મુલ્યનો અનાજ આપવા સરકાર કટીબધ છે. જ્યારે આપ્યા વાસ્તવિકતા અલગ છે. ઓગસ્ટ માસનો છેલ્લો વીક શરૂ થવા આવ્યો છે. તેમ છતાં ઘઉં, ચોખા, દાળ, ખાંડ, તેલનો જથ્થો આવ્યો નથી. આ માટે તંત્ર કયા પગલા લેશે તે ચક્ષ પ્રશ્ન છે. છેલ્લી તારીખોમાં ખાસ કરીને ખાંડ તથા દાળ તેલનો જથ્થો પહોંચતો કરવા આ કાવતરું સગેવગે કરવા માટેના હેતુથી થઈ રહ્યું છે. જેથી પુરવઠા વિભાગ સચિવને આ જીલ્લા તથા તાલુકાની તપાસનો દોર ચલાવવા માટે ખાસ દયાન કરી કાર્ડધારકોની માંગ ઉઠવા પામી છે.

## દે.બારીયાના ભથવાડા ટોલ બુથ પાસેથી કાર માંથી ૬૧ હજારના દારૂ સાથે એક વ્યકિત ઝડપ્યો

દાહોદ,

દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પરથી પોલીસે વાહનચેકિંગ દરમિયાન એક વૈભવી ગાડીમાંથી ૬૧ હજાર પાંચસો રૂપિયાનો વિદેશી દારૂના જથ્થા સાથે એક વ્યકિતને ઝડપી પાડી જેલ ભેગો કર્યો હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળે છે.

વધુ મળતી માહિતી પ્રમાણે દેવગઢ બારિયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર આજરોજ સવારે પોલીસે નાકાબંધી કરી આવતા-જતા વાહનોની ચેકિંગ કરી રહી હતી. તે દરમિયાન દાહોદ થી ગોધરા તરફ જતી જીજે. ઇક્યુ.૭૭૯૫ નંબરની મારૂતિ સ્વીફ્ટ કારને રોકી તેની તલાસી લેતાં ગાડીની ડીકીમાં છુપાવેલો વિદેશી દારૂની ૪૨૦ બોટલો તેમજ બીયરના ૪૮ ટીન મળી કુલ ૬૧ હજાર પાંચસો રૂપિયાનો વિદેશી દારૂનો મુદ્દામાલ એક મોબાઇલ ફોન તેમજ ત્રણ લાખ ઉપરાંતની મારૂતિ ગાડી મળી ૩,૬૨,૫૦૦ રૂપિયાના મુદ્દામાલ સાથે પંચમહાલ તાલુકાના કરણજ ખાતેના હસમુખભાઈ હિંમતભાઈ બારીયાને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

## મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઝાલોદ તાલુકાના રસ્તાના કામ માટે રૂ.૧૩ કરોડ મંજૂર

દાહોદ,

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઝાલોદ તાલુકાના રસ્તાના કામ માટે રૂ. ૧૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. જેથી અહીંના અતરિયાળ સહિતનાં ગામોમાં કાચા રસ્તાને સ્થાને પાકા ડામરનાં રોડની સુવિધા ઉપલબ્ધ થશે.

ઝાલોદ તાલુકાનાં જે વિસ્તારોમાં રસ્તાનાં કામ માટે રૂ. ૧૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. તેમાં ગુલતોરા સાગડા ફળીયા ડામર રોડથી ઓખા તળાવ પાળ ઉપર થઇ મસુલભાઇ રસુભાઇ ચારેલનાં ઘર સુધીનો રોડ, છાયણ ગામે બુરવાળ મુખ્ય ડામર રોડથી બુરવાળ પિપળા ફળીયા થઇ મુખ્ય પ્રાથમિક શાળાને જોડતો રોડ, જાફરપુરા ગામે જાફરપુરા મુખ્ય રસ્તાથી માલસર ચિત્રોડીયા થઇ માજી સરપંચ વિછિયાભાઇના ઘર સુધીનો રસ્તો, કાળીગામ ગુર્જર ગામે મુખ્ય રસ્તાથી શકનાળી ફળીયા થઇ કાચલા ફળિયા થઇ ડાંગી ફળીયાને જોડતો રોડ, ચિત્રોડીયા ગામે થેરકા ચિત્રોડીયાના મુખ્ય નહેર બચુ રંગા કટારાના ઘર થઈને ગાયત્રી મંદીર ચિત્રોડીયાને જોડતા રસ્તાનું કામ, સારમારીયા ગામે મુખ્ય રસ્તાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થઇ પ્રાથમિક શાળાને જોડતો રોડ, ગરાડું ગામે કલાલ શોપ ડામર રસ્તાથી ઘાવડીયા ભુરીઘાટી મેલડી માતા મંદિર સુધીનો રોડ, માંડલીખુંટા ગામે ટીટોડી નદીનાં બ્રિજથી સ્મશાન થઇને ગામડી મુખ્ય રોડને જોડતા રસ્તાનું કામ, સુથારવાસા ગામે મુખ્ય રસ્તાથી મેડા ફલીયા થઇ જુની નિશાળને જોડતા રસ્તાનું કામ, બંબેલા ગામે લાછુણ ફળીયાથી ભોરેજ નદીના સ્મશાન સુધીના રસ્તાનું કામ, સુથારવાસા માલપુર ફળિયાથી ઝેર–જીતગઢને જોડતો રોડ, રૂપાખેડા ગામે મુખ્ય રસ્તાથી હરીઓમ બ્રીકસ થઇ ડામોર ફળીયાને જોડતો રોડ, પેથાપુર ગામે મુખ્ય રસ્તાથી પણદા ફળીયાને જોડતો રોડ, લીમડી સથારવાસા મુખ્ય રસ્તાથી બિલવાણી માસ્તર ફળીયા રોડનો સમાવેશ થાય છે. જયારે થ્રુ રૂટ અ.જી.મા અને ગ્રા.મા. ને પહોળા કરવાની કામગીરી અંતર્ગત મુનખોસલા ચિત્રોડીયા માળાસર રોડનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## દાહોદ તાલુકામાં આવેલ શિવ શંકર સોસાયટી માંથી જુગાર રમતા ૬ જુગારીયાને ૧.૩૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ શિવશંકર સોસાયટીમાં એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં પોલીસે ઓચિંતો છાપો મારતાં પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રહેલ ૧૨ જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. નાસભાગ દરમ્યાન ૦૬ જેટલા જુગારીઓ નાસી જવામાં સફળ રહ્યાં હતાં જ્યારે ૦૬ જુગારીઓને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતીમાંથી, દાવ પરથી તેમજ નાળના મળી કુલ રોક્ડા રૂપીયા ૧,૨૫,૦૫૦ કબજે કર્યાં હતા. જ્યારે બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧,૩૫,૫૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.૧૭મી ઓગષ્ટના રોજ દાહોદ તાલુકામાં આવેલ શિવશંકર સોસાયટીમાં રહેતાં વિશાલભાઈ કિશોરભાઈ સાંસીના રહેણાંક મકાનમાં પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમાતો હોવાનો દાહોદ એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી. આ દરમ્યાન દાહોદ એલ.સી.બી. પોલીસે રાત્રીના દોઢ વાગ્યાના આસપાસ આ મકાનમાં ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી જેમાંથી ૦૬ જુગારીઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં જ્યારે વિશાલભાઈ કિશોરભાઈ સાંસી, કિશોરકુમાર રમેશચંદ્ર સિંધી (ગીદવાણી) (રહે.સાકરદા, નિશાળ ફળિયું, તા.જિ.દાહોદ), મોહનભાઈ મહેશભાઈ સાંસી (રહે. ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ), અક્ષયભાઈ વિરાભાઈ નીનામા (રહે. ખરોડ, સડક ફળિયું, તા.જિ.દાહોદ), સુરેશભાઈ શીવાજી સાંસી (રહે.ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ) અને ઉમેશભાઈ મહેશભાઈ સાંસી (રહે. ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ) ને પોલીસે ઝડપી પાડી તેઓની અંગ ઝડતીમાંથી ૧,૦૮,૩૦૦, દાવ પરથી ૯,૮૦૦ અને નાળમાંથી રૂા.૬,૯૫૦ એમ કુલ મળી રૂા.૧,૨૫,૦૫૦ ની રોકડ રકમ કબજે કરી હતી. જ્યારે બે મોબાઈલ ફોન મળી કુલ રૂા.૧,૩૫,૦૫૦નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો.

ભાગી છુટવામાં સફળ રહેલ મનીષભાઈ મણીલાલ સાંસી (રહે.ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ), યુવરાજ કલજીભાઈ સાંસી (રહે. ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ), શીવમ ઉર્ફે વાછરડા સંજુભાઈ ભુરીયા (રહે. સી.સાઈડ, પરેલ, દાહોદ), રમેશભાઈ રામુભાઈ સાંસી (રહે. આઈ.ટી.આઈ.ની બાજુમાં, દાહોદ), નિલેશભાઈ મુકેશભાઈ સાંસી (રહે. ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ) અને શ્યામ વિનોદભાઈ સાંસી (રહે. ભીલવાડા, તળાવ ફળિયું, તા.જિ.દાહોદ) નાઓની પોલીસે ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.

આ સંબંધે દાહોદ એલ.સી.બી. પોલીસે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તમામ જુગારીઓ વિરૂધ્ધ જુગારધારાની ક્મલ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લીમડી ડબગરવાસમાં જુગાર રમતા ૯ જુગારીયા ઝડપ્યા




દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરના ડબગરવાસમાં શ્રાવણીયો જુગાર રમી રહેલા ૦૯ જુગારીઓને લીમડી પોલીસે ઝડપી પાડી રોકડ રકમ સહિત કુલ રૂા.૫૫,૬૧૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.ઝાલોદ તાલુકાની લીમડી નગર પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ લીમડી નગરના ડબગરવાસમાં અંધારામાં ચોકમાં લાઈટના અજવાળામાં શ્રાવણીયો જુગાર રમી રહેલ નવ જુગારીઓને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે અંગ ઝડતી અને દાવ પરથી રોકડા રૂપીયા તેમજ મોબાઈલ ફોન તેમજ પત્તા પાના સહિતનો મુદ્દામાલ કબજે લઈ કુલ રૂા.૫૫,૬૧૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ નવ જુગારીઓ વિરૂધ્ધ જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં હતાં.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 304

## ગોધરા-દાહોદ હાઈવે ઉપર

# પ્રભા નદી પર નિર્માણ થયેલ નવા બ્રીજની સાઈડોમાં તિરાડો



ગોધરા,

ગોધરા શહેર મધ્ય માંથી પસાર થતા દાહોદ હાઈવે રોડને ભામૈયા ચોકડી થી પરવડી સુધી કરોડોના ખર્ચે ફોર લેન્ડ બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. હાલ આ ફોર લેન્ડ માર્ગની કામગીરી કાર્યરત છે. આ ફોર લેન્ડ હાઈવે ઉપર પ્રભા નદી ઉપર આવતાં બ્રીજનું નવિનીકરણ કરવામાં આવ્યું છે. અને હજી કામગીરી ચાલું છે. ત્યાં નવા નિર્માણ પામેલા બ્રીજની સાઈડોમાં તિરાડો જોવા મળી રહી છે. જે બ્રીજની કામગીરીમાં ગુણવત્તા જળવાઈ નથી. તેની ચાડી ખાય છે. ત્યારે નવા નિર્માણ પામેલ બ્રીજને પડેલ તિરાડોની મરામત કરીને બ્રીજની ટકાઉ શકિત વધારે તે જરૂરી છે.

ગોધરા શહેર માંથી પસાર થતાં નેશનલ હાઈવે ૫૯ જે દાહોદને જોડતો હોય છે. આ માર્ગને પહોળા કરીને ફોર લેન્ડ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. અમદાવાદ હાઈવે ભામૈયા ચોકડી થી પરવડી ચોકડી સુધીનો ફોર લેન્ડ હાઈવે બનાવવામાં આવ્યો છે. મોટાભાગની કામગીરી પુરી થવા આવી છે. આ નવા બનતા ફોર લેન્ડ હાઈવેમાં આવતાં બ્રીજો પણ નવા બનાવવામાં આવ્યો છે. તેમાં દાહોદ હાઈવે ઉપર પ્રભા નદી ઉપરના વર્ષો જુના બ્રીજને તોડીને નવો બ્રીજ નિર્માણ કરવામાં આવ્યો છે. અને હાલ બ્રીજનું કામ પૂર્ણતાના આરે છે. નવા બનેલ બ્રીજ થી લોકોમાં આનંદ જોવા મળ્યો છે. પરંતુ પ્રભા નદી પરનો વર્ષો પછી નવા બ્રીજનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ જાણે આ બ્રીજ

### નવા નિર્માણ થયેલ બ્રીજમાં ગુણવત્તા જળવાઈ નથી તેમ લાગી રહ્યું છે

બનાવવામાં ઉતાવળ કરવામાં આવી હોય અથવા બ્રીજ બનાવવાના મટીરીયલ્સની ગુણવત્તા જાળવવામાં આવી નથી. હજી બ્રીજની કામગીરી પૂરી થઈ નથી. ત્યાં નવા બનેલ બ્રીજની સાઈડોમાં તિરાડો જોવા મળી રહી છે. તે બ્રીજની ટકાઈ શકિત સામે પ્રશ્નો થઈ રહ્યો છે. પ્રભા નદીમાં અનેક વખત પુર જેવી સ્થિતી નિર્માણ થતી હોય છે. તેવા સમય હાલમાં જે પ્રમાણે બ્રીજની સાઈડોમાં તિરાડો દેખાઈ રહી છે. તેને પુરવામાં નહિ આવે તો આ લાખો રૂપીયાના ખર્ચે નિર્માણ પામેલ બ્રીજ પ્રભા નદીમાં જો પુર જેવી સ્થિતીમાં પાણીનો પ્રવાહ વધે તો ધોવાઈ જાય તો નવાઈ નહિ. હાલ પ્રભા નદી ઉપર બનતા નવા બ્રીજની કામગીરી પુરી થયેલ નથી. ત્યારે બ્રીજ નિર્માણ કરતાં કોન્ટ્રાકટર દ્વારા બ્રીજની સાઈડોની દિવાલમાં પડેલ તિરાડો પુરવામાં આવે તો જરૂરી છે. નહિ તો લોકો ૧૦૦ વર્ષ અગાઉ બનેલ જુના બ્રીજની કામગીરી અને ગુણવત્તાની સરખામણી કરીને હાલમાં થતાં કામોમાં ચાલતા ભ્રષ્ટાચારના પરિણામે ટકાઉ અને મજબુત કામગીરી કરાતી નથી. તેવી ટીકા કરે તે પહેલા નવા નિર્માણ પામેલ બ્રીજની સાઈડોમાં પડેલ ઉભી તિરાડો પુરવાનો પ્રયાસ કરવામાં આવશે ખરો ?

# પંચમહાલ જીલ્લાના ખેડુતોને નર્મદા કેનાલ આધારીત સિંચાઈ યોજનાનો લાભ આપવા વડાપ્રધાનને લેખિત રજુઆત

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ખેડુતોને ખેતી માટે નર્મદા કેનાલ આધારીત સિંચાઈ યોજના બનાવીને જીલ્લાના ખેડુતોને સિંચાઈનો લાભ મળે તેવી યોજના બનાવવામાં આવે તેવી માંગ સાથે ભાજપના ગોપાલભાઈ પટેલ દ્વારા વડાપ્રધાન અન નાયબ મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગુજરાત રાજયના સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં વર્ષ ૨૦૧૬માં નર્મદાના પાણી સૌરાષ્ટ્ર કચ્છ પહોંચાડવા માટે સૌની યોજના અંતર્ગત પાઈપ લાઈન આધારીત સિંચાઈની સુવિધા ઉભી કરવામાં આવી હતી. આ સૌની યોજનાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના ખેડુતો માટે સરકારે સૌની યોજના અંતર્ગત પાઈપ લાઈન થી સિંચાઈનું પાણી આપવામાં આવ્યું છે. તે રીતે પંચમહાલ જીલ્લાના ખેડુતોને નર્મદા આધારીત સિંચાઈ યોજના લાભ મળે તે માટે જરૂરી સર્વે કરાવીને મંજુરી આપવામાં આવે તો પંચમહાલ જીલ્લાના તમામ તાલુકાઓમાં સિંચાઈનું પાણી પુરું પાડી શકાય તેમ છે. નર્મદા કેનાલ પંચમહાલ હાલોલ, કાલોલ અને ગોધરા એમ ત્રણ તાલુકા માંથી પસાર થાય છે. નર્મદા કેનાલ બનાવવા માટે ખેડુતો એ ફળદ્રુપ જમીનનો ભોગ આપેલ છે છતાં નર્મદા કેનાલના પાણીનો સિંચાઈ માટે પંચમહાલ જીલ્લાની જમીનોનો નર્મદા ક્માન્ડ વિસ્તારમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. જેને લઈ જીલ્લાના ખેડુતો સિંચાઈ થી વંચિત રહ્યા છે.

પંચમહાલ જીલ્લા માંથી દાહોદ અને મહિસાગર છુટા પડતા ત્રણ જીલ્લા અસ્તિત્વમાં આવ્યા છે. આ ત્રણેય જીલ્લામાં સિંચાઈની કોઈ યોજના નથી. પાનમ ડેમ અને કડાણા ડેમ જળાશયોમાં નહિવત પાણીનો સંગ્રહ રહે છે અને વરસાદી પાણી સમુદ્રમાં વહી જાય છે.

પંચમહાલ જીલ્લાની કુલ જમીન માંથી ૩૦ ટકા જમીનમાં સિંચાઈની સુવિધા છે. જ્યારે ૭૦ ટકા જમીન વરસાદ આધારીત ખેતી ઉપર નિર્ભર છે. જીલ્લામાં આદિવાસી, બક્ષીપંચ અને નાના સિમાંત ખેડુતો છે. આ ખેડુતોને સિંચાઈની સુવિધા ન હોવાથી ખેતીની જમીનો પડતર રહેતી હોય છે અને રોજગારી માટે અન્ય જીલ્લામાં જવું પડે છે.

### - પંચમહાલ જીલ્લાના ચેકડેમ અને સિંચાઈ તળાવો સૌની યોજના થી ભરવામાં આવે તેવી માંગ.
### - નર્મદા કેનાલ માંથી સિંચાઈ માટે સર્વે કરી યોજના બનાવવા રજુઆત.

જીલ્લામાંથી પાનમ, હડફ, મેશરી, કુણ, મચો, ગોમા નદીઓ પસાર થાય છે અને આ નદીઓ ઉપર સરકાર દ્વારા કરોડો રૂપીયાના ખર્ચે ચેકડેમ બનાવવામાં આવ્યા છે પરંતુ અનિયમિત વરસાદને લઈ ચેકડેમ અને મોટા ડેમમાં પાણીનો સંગ્રહ થતો નથી. જેને લઈ ૩૦ ટકા કમાન્ડ વિસ્તારની જમીનોમાં સિંચાઈનું પાણી નહિ મળતા ખેતી કરી શકતા નથી. ત્યારે જીલ્લાની આ મોટી નદીઓ તેમજ સિંચાઈ તળાવોને સૌની યોજના અંતર્ગત પાઈપ લાઈન દ્વારા ભરવામાં આવે તો સિંચાઈની સુવિધા ઉભી થાય તેમ છે. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબલક્ષી અને ખેડુતલક્ષી અનેક યોજનાઓ બનાવી છે. ખેડુતોને સિંચાઈનો લાભ મળે તે માટે ''હરખેત કો પાની'' યોજના અમલમાં મુકાઈ છે. આ યોજના થી ખેડુતોમાં આનંદ વ્યાપી ગયો છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પંચમહાલના ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા, દાહોદ, લીમખેડા, લુણાવાડા, કડાણા જેવા તાલુકાના ગરીબ આદિવાસી, બક્ષીપંચ ખેડુતો સિચાઈનું પાણી મળે તેમજ ખેડુતોની આવક બમણી થાય તે માટે રાજ્ય સરકાર વિભાગમાં સુચના થઈ સર્વે કરાવી, પ્લાન એસ્ટીમેન્ટ કરી જીલ્લામાં સિંચાઈ યોજનાની મંજુરી મળે તેવી માંગ સાથે પંચમહાલ જીલ્લા ભાજપ આગેવાન ગોપાલભાઈ પટેલ દ્વારા વડાપ્રધાન અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# ગોધરા તાલુકાના વાવડી ખુર્દના વ્યકિતને તડીપાર કરવાનો હુકમ - મારી ફરિયાદના આધારે તડીપારનો હુકમ કરવો જોઈતો ન હતો : ધારાસભ્ય

ગોધરા,

ગોધરા ધારાસભ્યે વાવડી ખુર્દ ગામના વ્યકિત એ ફોન ઉપર ધમકી આપવામાં આવી હતી. આ મામલે વહીવટી તંત્ર દ્વારા તડીપાર કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તડીપાર કરવા મામલે હાઈકોર્ટમાં ધારાસભ્ય દ્વારા સોગંદનામું કરવામાં આવ્યું હતું. તેમાં પોતાની ફરિયાદના આધારે તંત્ર દ્વારા તડીપાર હુકમ કરવો ન જોઈતો હતો તેમ ફરવી નાખ્યું હતું.

ગોધરા તાલુકાના વાવડી ખુર્દ ગામે રહેતા પ્રવિણ ગઢવી વિરૂદ્ધ ગોધરા તાલુકા પોલીસ મથકે ધારાસભ્ય સી.કે.રાઉલજીને ફોન ઉપર વારંવાર કોલ કરી ગાળાગાળી અને ધમકી આપતો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજીની ફરિયાદના આધારે પ્રવિણ ગઢવીને તડીપારનો હુકમ એસ.ડી.એમ.દ્વારા કરવામાં આવ્યો હતો. તડીપારના હુકમ સામે પ્રવિણ ગઢવી દ્વારા રીટ દાખલ કરીને સ્ટે મેળવ્યો હતો. અને એસ.ડી.એમ.ની ઝાટકણી કાઢવામાં આવી હતી. તડીપારના સ્ટેટ આપવાના મામલે અને તડીપારના હુકમ સામે તડીપાર હુકમને બિરદાવીને તંત્રની કામગીરીથી ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા મીડીયા સમક્ષ બિરદાવી હતી અને હાઈકોર્ટમાં જવાબ રજુ કરીશ તેવું નિવેદન આપ્યું હતું. આ મામલે ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા હાઈકોર્ટમાં સોગંદનામું રજુ કરવામાં આવ્યું હતું. તેમાં ધારાસભ્ય દ્વારા પ્રવિણ ગઢવી દ્વારા મોબાઈલ ઉપર ગાળાગાળી કરવા મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે પ્રવિણ ગઢવીને તંત્ર દ્વારા તડીપાર ન કરવો જોઈએ. તેવું સોગંદનામું રજુ કર્યું હતું. આમ ધારાસભ્ય એ હાઈકોર્ટમાં સોગંદનામું કરીને વહીવટી તંત્ર એ તડીપારના હુકમ ન કરવો જોઈએ. તેમ જણાવ્યું છે. ત્યારે હવે વહીવટી તંત્ર પણ આવી રાજકીય ફરિયાદોમાં અણધારા અને તત્કાલી નિર્ણય કરતાં સો વાર વિચાર કરશે તે નકકી છે.

## હાલોલ ઓડ ફળીયામાંથી ૧.૮૫ લાખના દારૂના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડતી LCB પોલીસ



હાલોલ,

હાલોલ ઓડ ફળીયામાં રહેતા ઈસમ પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી ૧,૮૫,૫૯૧/-રૂપીયાનો ઈંગ્લીશ દારૂ ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ઓડ ફળીયામાં રહેતા સુમીન ઉર્ફે બાટલો દશરથભાઈ બેલદાર પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ઘર માંથી પેટી નંગ-૧૨ ઈંગ્લીશ દારૂ, કવાટરીયા બોટલો, પાઉચ, બીયર ટીન મળી નંગ-૧૬૨૧ કિંમત ૧,૮૫,૫૯૧/-રૂપીયાના જથ્થા સાથે સુમીન બેલદારને ઝડપી પાડવામાં આવ્યો.

## ગોધરા તાલુકાના ટીમ્બા રોડ શંકર લહેરના મુવાડા ગામેથી જુગાર રમતા પાંચ જુગારીયાને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા તાલુકાના ટીમ્બા રોડ શંકર લહેરના મુવાડા ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહયા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. પાંચ ઈસમોને ૪૦૫૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ટીમ્બા રોડ શંકર લહેરના મુવાડા ગામે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે કાંકણપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન લક્ષ્મણભાઈ દેસાઈભાઈ ઠાકોર, કિરીટ બાલુભાઈ ઠાકોર, મુકેશ મફતભાઈ ઠાકોર, બુદાભાઈ ભુપતભાઈ ઠાકોર, કિરણ યોગેશભાઈ ગોહિલ, સોમાભાઈ કનુભાઈ મારવાડીને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા ઈસમોની અંગઝડતી દાવ ઉપર મુકેલ ૪૦૫૦/-રૂપીયા કબ્જે લેવામાં આવ્યા. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા ખાણ-ખનિજ વિભાગે ગેરકાયદેસર ખનિજ વહન કરતા પાંચ વાહનો ઝડપ્યા



તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

ગોધરા ખાણ-ખનિજ વિભાગ ત્રણ અલગ-અલગ સ્થળો થી ગેરકાયદેસર ખનિજની ચોરી કરીને વહન કરતા હોય તેવા પાંચ વાહનને ઝડપી પાડવામાં આવ્યા. ખાણ-ખનિજ વિભાગ દ્વારા માર્ગો ઉપર થી ખનિજ ભરીને પસાર થતાં વાહનો ઝડપી પાડતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે ખનિજ ચોરી કરીને વહન કરતા હોય છે. ખનિજ માફિયાઓને કાયદાનો ડર રહ્યો ન હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગોધરા ખાણ-ખનિજ વિભાગ દ્વારા જીલ્લામાં રીંછવાણી, મીરપ અને લીલેસરા ગામે હાઈવે રોડ ઉપર થી ખનિજ ભરીને ગેરકાયદેસર વહન કરતાં ત્રણ વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા. ખાણ-ખનિજ વિભગે રોડ ઉપર થી પસાર થતાં પાંચ વાહનો અને ખનિજ મળી ૮૦ લાખ રૂપીયાનો મુદ્દામાલ કબ્જે કરી લેતા ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ખાણ-ખનિજ વિભાગ દ્વારા અવારનવાર ગેરકાયદેસર ખનિજનું ખનન અને વહન કરતાં માફિયાઓ સામે કાર્યવાહી કરી વાહનોથી દંડની વસુલાત કરાતી હોય છે. તેમ છતાં ખનિજ માફિયાઓ બેફામ કેમ બનતા હોય છે. શું ખાણ-ખનિજ વિભાગની રહેમ નજર હોય છે ?



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા સહિત સમગ્ર જિલ્લામાં દશા માતાજીના વ્રતની માઈ ભક્તોએ ભાવભેર ઉજવણી કરી હતી. દસ દિવસ સુધી માતાજીના ભક્તોએ માના ગુણલા ગાવા સાથે ભક્તિમાં લીન થઈ જતા વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. જ્યારે આ માઈ ભક્તોએ માતાજી અગલે બરસ જલદીઆના તેના નાંદ સાથે પવિત્ર નદીમાં માતાજીની મૂર્તિનું વિસર્જન કરેલ હતું.

## ગોધરા જાફરાબાદ કાંસુડી ગામે જુગાર રમતા ૧૦ જુગારીયાને LCB પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરા એલ.સી.બી. પોલીસે કાંસુડી જાફરાબાદ પાદરડી ફળીયામાં જુગાર રમાતો હોય તેવી બાતમીના આધારે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ૧૦ જુગારીયા રોડક, મોબાઈલ ફોન, કાર મળી ૧,૪૧,૮૯૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંસુડી જાફરાબાદ પાદરડી ફળીયામાં ખુલ્લામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન દશ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પકડાયેલ ઈસમો પાસેથી અંગઝડતીમાં ૩૯,૦૪૦/-રૂપીયા દાવ ઉપર મુકાયેલ ૧૦,૩૫૦/-, સેન્ટ્રોકાર મોબાઈલ ફોન મળી ૧,૪૧,૮૯૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલ દાલની ખાડી ખાતે જુગાર રમતા પાંચ જુગારીયા ઝડપ્યા

કાલોલ,

કાલોલ દાલની ખાડી ખાતે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ૫ જુગારીયાને ૨૬૦૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ દાલની ખાડી ખાતે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન રવિ દિપકભાઈ શાહ, આકાશ દિલીપભાઈ પરમાર, કેયુરગીરી શૈલેષગીરી ગોસાઈ, કિશન કાળુભાઈ રાઠોડ, મીતુલ પ્રમોદભાઈ દેસાઈને ઝડપી પાડવામાં આવ્યો. પકડાયેલ ઈસમો પાસેથી ૨૬૦૦/-રૂપીયા રોકડા કબ્જે લેવામાં આવ્યા. આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## પંચમહાલ સમાચાર ના અહેવાલની અસર :
## ગોધરા રેલ્વે સ્ટેશન પર મુસાફરને GRP દ્વારા થપ્પડ મારતા તપાસ સોંપવામાં આવી

ગોધરા,

ગોધરા રેલવે સ્ટેશન ખાતે GRP પોલીસ દ્વારા મુસાફરને થપ્પડ મારવાનો મામલે રેલવે મહિલા પોલીસવડા પરીક્ષિતા રાઠોડ દ્વારા આ મામલે ગંભીરતા દાખવી રેલવેના નાયબ પોલીસ અધિક્ષકને સમગ્ર મામલે તપાસ સોપાવામાં આવી. ટ્રેનમાં સવાર મુસાફર ગોધરા રેલવે પ્લેટફોર્મ ઉપર નાસ્તા પાણી લેવા માટે ઉતરે કે તરતજ સિવિલ ડ્રેસ માં ફરજ બજાવી રહેલ GRP ના પોલીસ જવાનો મુસાફરને પકડી માસ્ક દંડની રકમ વસુલ કરે છે. તેવામાં જો કોઈ મુસાફર દલીલ કરે તો પોલીસ કર્મી મુસાફર સાથે આરોપી જેમ વર્તન કરી થપ્પડ લગાવી દેતા હોય છે. માસ્ક નિયમના નામે એક રીતે રેલવે પ્લેટફોર્મ ઉપર ભયનો માહોલ ઉભો કરવા આવતો હોવાનો વિડીયો સામે આવ્યો હતો. સામે આવેલ વિડીયોમાં એક મુસાફર રેલવે GRP પોલીસ દવારા કરવામાં આવેલ ગેરવર્તણુક અને થપ્પડ મારીમાં બહેન સમાણી જાહેરમાં ગાળો આપવામાં આવી હોવાનું જણાવી રહ્યો પોતાની જે સમગ્ર અહેવાલ પ્રસારિત કર્યા બાદ રેલવે પોલીસ વડા દ્વારા સ્લગ્ન રેલવે વિભાગના નાયબ પોલીસવડાને તપાસ સોપાવામાં આવી.

## હાલોલ ગાયત્રી નગર પાસે જુગાર રમતા પાંચ જુગારીયાને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ ગાયત્રી નગર પ્રા.શાળા સામે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હતા. તે સ્થળે પોલીસે રેઈડ કરી પાંચ જુગારીયાને ૧૨,૩૩૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ગાયત્રી નગર પ્રા.શાળા સામે ખુલ્લી જગ્યામાં જાહેરમાં રમી રહ્યા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન વિપુલ ચંદુસિંહ ચૌહાણ, અંબાલાલ રતીલાલ નાયક, નરવત ફતેસિંહ જાદવ, પિયુષ કનૈયાલાલ જોષી, હિતેશ ભારતસિંહ બારીયાને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ ૧૨,૩૩૦/-રૂપીયા જપ્ત કરવામાં આવ્યા. આ બાબતે હાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.